**આજનો સુવિચાર**

સંસારથી સર્વથા રાગ હટતાં જ ભગવાનમાં અનુરાગ(પ્રેમ) થઈ જાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૫૪ જૂનાગઢ તા.૧૫-૦૨-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 54, Junagadh : Date : 15 February, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ચૂંટણી બોન્ડ ગેરબંધારણીય - સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુક્યો

## સુપ્રિમ કોર્ટના પાંચ જજોની બંધારણીય બેન્ચે સીમાવર્તી ચુકાદો આપ્યો : તા.૬ માર્ચ સુધીમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા હિસાબ આપે - મતદારોને ચુંટણી ભંડોળ વિષે જાણવાનો અધિકાર છે



નવી દિલ્હી તા.૧૫

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બેંચ દ્વારા ઈલેક્ટોરલ બોન્ડ કેસમાં સીમાવર્તી ચુકાદો આપ્યો છે.

લોકસભા ચૂંટણીની જાહેરાત પહેલા સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ મામલે ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચૂંટણી બોન્ડ દ્વારા ડોનેશન લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે બોન્ડની ગુપ્તતા જાળવી રાખવી એ ગેરબંધારણીય છે. આ સ્કીમ માહિતીના અધિકારનું ઉલ્લંઘન છે. આગામી તા.૬ માર્ચ સુધીમાં પાર્ટીઓ હિસાબ આપે. ૫ જજોની બેન્ચે સર્વસંમતિથી ચુકાદો સંભળાવ્યો હતો. ચીફ જસ્ટિસે કહ્યું, 'પોલિટિકલ પ્રક્રિયામાં રાજકીય દળો મહત્ત્વપૂર્ણ એકમ છે. રાજકીય ભંડોળની માહિતી, તે એવી પ્રક્રિયા છે જેના દ્વારા મતદારને પોતાનો મત આપવા માટે યોગ્ય પસંદગી મળે છે. મતદારોને ચૂંટણી ભંડોળ વિશે જાણવાનો અધિકાર છે, જેનાથી મતદાન માટે યોગ્ય પસંદગી કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે બેંકોને ઈલેક્ટોરલ બોન્ડ ઈસ્યુ કરવાનું બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે પણ કહ્યું કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ૧૨ એપ્રિલ, ૨૦૧૯ થી અત્યાર સુધી ખરીદવામાં આવેલ ચૂંટણી બોન્ડ વિશે માહિતી ચૂંટણી પંચને જણાવે. આ માહિતી વેબસાઈટ પર પણ જાહેર કરો.


SBIએ ત્રણ અઠવાડિયામાં માહિતી આપવી પડશે.ચુકાદો આપતી વખતે CJIએ કહ્યું કે રાજકીય પક્ષોના ફંડિંગની માહિતી જાહેર ન કરવી એ હેતુની વિરુદ્ધનું છે. SBIએ ૧૨મી એપ્રિલ ૨૦૧૯થી અત્યાર સુધીની માહિતી જાહેર કરવી પડશે. SBIએ આ માહિતી ચૂંટણી પંચને આપવાની રહેશે. EC આ માહિતી શેર કરશે. SBIએ ત્રણ અઠવાડિયામાં આ માહિતી આપવી પડશે. ચુકાદા પર નજર કરીએ તો SBI એ રાજકીય પક્ષોની વિગતોની માહિતી જાહેર કરવી જોઈએ જેમણે ૨૦૧૯થી ચૂંટણી બોન્ડ દ્વારા દાન મેળવ્યું છે., SBI એ રાજકીય પક્ષ દ્વારા રોકડ મેળવવામાં આવેલ દરેક ઈલેક્ટોરલ બોન્ડની વિગતો આપવી જોઈએ, રોકડ કરાવ્યાની તારીખની વિગતો પણ આપવી જોઈએ., SBIએ ૬ માર્ચ ૨૦૨૪ સુધીમાં ચૂંટણી પંચને તમામ માહિતી આપે અને ચૂંટણી પંચે તેને ૧૩ માર્ચ સુધીમાં તેની સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત કરે., કાળા નાણાને ડામવા માટે રાજકીય દાનની ગુપ્તતા પાછળનો તર્ક યોગ્ય નથી. આ માહિતી અધિકારનું ઉલ્લંઘન છે., કંપની એક્ટમાં સુધારો એ એક મનસ્વી અને ગેરબંધારણીય પગલું છે. આનાથી રાજકીય પક્ષોને કંપનીઓ દ્વારા અમર્યાદિત ભંડોળ મેળવવાનો માર્ગ ખુલ્યો. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બેન્ચે ત્રણ દિવસની સુનાવણી બાદ ૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ આ કેસમાં પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. સુનાવણીમાં, કોર્ટે પક્ષકારોને મળેલા ફંડિંગના ડેટાને જાળવી ન રાખવા બદલ ચૂંટણીપંચ સામે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે પંચને ૩૦ સપ્ટેમ્બર સુધીમાં રાજકીય પક્ષોને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા કેટલી રકમ મળી છે તેની માહિતી વહેલી તકે આપવા જણાવ્યું હતું. ચીફ જસ્ટીસ ચંદ્રચુડે સરકારને પૂછ્યું હતું કે ચૂંટણી બોન્ડની શું જરૂર છે ? સરકારને તો ખબર જ છે કે તેમને કોણ દાન આપી રહ્યું છે. ઈલેક્ટોરલ બોન્ડ મળતાની સાથે જ પાર્ટીને ખબર પડે છે કે કોણે કેટલું દાન આપ્યું છે. આ અંગે સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે સરકાર એ જાણવા નથી માંગતી કે કોણે કેટલા રૂપિયા દાનમાં આપ્યા. દાતા પોતે પોતાની ઓળખ છુપાવવા માંગે છે. તે ઈચ્છતા નથી કે અન્ય કોઈ પક્ષને તેની જાણ થાય. જો હું કોંગ્રેસને દાન આપી રહ્યો છું, તો હું ઈચ્છતો નથી કે ભાજપ તેની ખબર પડે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ, ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ બીઆર ગવઈ, ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બેન્ચ દ્વારા ચૂંટણી બોન્ડની માન્યતાની સુનાવણી કરવામાં આવી હતી. આ અંગે ચાર પિટિશન દાખલ કરવામાં આવી હતી. અરજીકર્તાઓમાં એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR), કોંગ્રેસ નેતા જયા ઠાકુર અને સીપીએમનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર વતી એટર્ની જનરલ આર વેંકટરામણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતા સુપ્રીમ કોર્ટમાં હાજર થયા હતા. અરજદારો વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ હાજર રહ્યા હતા.


**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**


# આજે સાંજે આંદોલનકારી ખેડૂતો અને સરકાર વચ્ચે ત્રીજી બેઠક - ખેડૂતોએ પંજાબમાં રેલ્વે ટ્રેક જામ કર્યો

નવી દિલ્હી તા.૧૫

પંજાબના ખેડૂતોની દિલ્હી કૂચનો આજે ત્રીજો દિવસ છે. તેઓ હરિયાણાની શંભુ બોર્ડર પર કૃષિ પેદાશો માટે એમએસપીની ગેરંટી સહિતની અન્ય માંગણીઓ પૂરી કરવા ધામા નાંખ્યા છે. અહીં હરિયાણા પોલીસે ખેડૂતોને ૭ લેયર બેરિકેડ અને ટીયર ગેસના શેલ છોડીને ૩ દિવસથી અટકાવી રાખ્યા છે. હરિયાણા સાથે જોડાયેલી પંજાબની ખનૌરી અને ડબવાલી બોર્ડર પણ ત્રણ દિવસથી બંધ છે. બીજી તરફ આજે ફરી ૩ કેન્દ્રીય મંત્રીઓ ચંદીગઢમાં ખેડૂત નેતાઓ સાથે આંદોલન સમાપ્ત કરવા માટે બેઠક કરશે. બંને પક્ષો વચ્ચે ૭ દિવસમાં આ ત્રીજી બેઠક યોજાઈ રહી છે. આ દરમિયાન, ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે કહ્યું- કેન્દ્રએ અમારી વાતો સાંભળવી પડશે, નહીં તો જે થશે તે યોગ્ય રહેશે નહીં. અમે આજે કેન્દ્રીય મંત્રીઓ સાથે બેઠક કરી છે અને અમે ઈચ્છીએ છીએ કે પીએમ મોદી તેમની સાથે વાત કરે જેથી અમે અમારી માંગણીઓના ઉકેલ સુધી પહોંચી શકીએ. દરમ્યાનમાં કિસાન નેતાઓએ જણાવ્યું છે કે, અમે સુખદ ઉકેલ ઈચ્છીએ છીએ. સવાલ અમારી માંગણીઓનો છે. સરકાર અમને શાંતિપુર્ણ રીતે પ્રદર્શન કરવા દે, અમે પણ આ દેશનો હિસ્સો છીએ. સરકાર કિસાનો ઉપર બળપ્રયોગ કરી રહી છે. દરમ્યાન આ લખાઈ રહયું છે ત્યારે પ્રાપ્ત વિગતો મુજબ કિસાનોએ પંજાબના રાજપુરા ખાતે રેલ્વે ટ્રેક જામ કરી દીધો છે. પરિસ્થિતી ગંભીર બની રહી છે. બીજી તરફ સરકાર કિસાનો સાથે સમાધાન કરવા મરણીયા પ્રયાસો કરી રહી છે.

### હારીજ-ચાણસ્મા હાઈવે પર હિટ એન્ડ રન

# ગતરાત્રે પદયાત્રા સંઘને કચડી વાહન ચાલક ફરાર : ત્રણ યાત્રાળુઓના મોત - ૪ ગંભીર

પાટણ તા.૧૫

હારીજ-ચાણસ્મા હાઈવે પર હિટ એન્ડ રનની ઘટના બની છે. બહુચરાજીના અંબાલાથી વરાણા ખોડિયાર માતાજીના મંદિરે પગપાળા જતા સંઘને ટક્કર મારીને અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો છે. જેમાં ત્રણ યાત્રાળુઓના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમા ચારની હાલત અતિગંભીર છે.

અકસ્માત અંગે મળતી માહિતી મુજબ બહુચરાજીના અંબાલા ગામથી ઠાકોર પરિવારનો સંઘ પગપાળા વરાણા ખોડિયાર માતાજીના દર્શનાર્થે જઈ રહ્યો હતો. ત્યારે ગત મોડી રાત્રે હારીજ-ચાણસ્મા હાઈવે પરના દાંતરવાડા ગામ પાસે અજાણ્યો વાહનચાલક આ સંઘને ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં બે મહિલા અને એક કિશોરીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. જ્યારે પાંચથી વધુ ઈજાગ્રસ્ત થયા છે. જેમને ધારપુર સિવિલ ખસેડવામાં આવ્યા છે. જ્યાં ચાર યાત્રાળુઓની હાલત અતિગંભીર છે. પગપાળા સંઘને અજાણ્યા વાહનચાલકે મારેલી આ ટક્કર એટલી ગંભીર હતી કે માતાજીનો રથ રોડ પરથી સાઈડની ઝાડીઓમાં ફંગોળાઈ ગયો હતો. આ અંગે હારીજ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે. આ અકસ્માત અંગે હારીજ પોલીસ સ્ટેશનના PSI ડી કે ચૌધરીએ જણાવ્યું હતું કે, બહુચરાજીના અંબાલા ગામેથી ૩૫ જેટલા પદયાત્રીઓ વરાણા ખોડિયાર માતાના મંદિરે રથ લઈને જતા હતા, જ્યાં રસ્તામાં અજાણ્યા આઈસર ચાલકે ટક્કર મારી હતી. જેમાં ત્રણનાં મોત થયાં છે અને પાંચ લોકોને ઈજાઓ થતા સારવાર માટે ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા છે.

# દાન મેળવવામાં ભાજપ નંબર-૧ : વર્ષ ૨૦૨૨-૨૩માં રૂા.૭૨૦ કરોડનું દાન મળ્યું - ચાર રાષ્ટ્રીય પક્ષો કરતાં પાંચ ગણુ વધારે

નવી દિલ્હી,તા.૧૫

આગામી લોકસભા ચૂંટણી પહેલા ભાજપે તેના દાનની રકમ જાહેર કરી છે. પાર્ટીને ૨૦૨૨-૨૩ દરમિયાન ૭૨૦ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. જે દેશની ચાર મુખ્ય રાજકીય પાર્ટીઓ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, CPI-M અને નેશનલ પીપલ્સ પાર્ટીને મળેલા કુલ દાન કરતાં પણ પાંચ ગણું વધુ છે. આ માહિતી એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ એટલે કે એડીઆરએ પોતાના રિપોર્ટમાં આપી છે.

એડીઆરના રિપોર્ટ અનુસાર, ભાજપને ૭,૯૪૫ દાન મળ્યા છે જેનું પ્રમાણ ૭૧૯.૦૮ કરોડ રૂપિયા છે. જયારે કોંગ્રેસ પાર્ટીએ ૮૯૪ ડોનેશનમાં ૭૯.૯૨ કરોડ રૂપિયા મળતા હોવાની જાહેરાત કરી હતી. કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી) અને સીપીઆઈ (એમ) દ્વારા સમાન સમયગાળા દરમિયાન મળેલા કુલ દાન કરતાં ભાજપને મળેલું દાન પાંચ ગણું વધુ છે.


**ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી**

ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફ્ટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કંું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.

**સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫**






**એન્જીન કાર્બન કલીનીંગ નાં ફાયદા**

- એન્જીનની લાઈફ વધે-ગાડીનું પીક-અપ વધે.
- એન્જીન ઓઈલની લાઈફ વધે. ગાડીની માઈલેજ વધે-પાવર અને પરફોર્મન્સ વધે.
- એન્જીનનો અવાજ અને વાઈબ્રેશન ઘટે.
- ગાડીમાંથી નીકળતા હાઈડ્રોકાર્બન, કાર્બન મોનોકસાઈડ અને નોકસનું પ્રમાણ ઘટે.
- ગાડીની વોરંટીને કોઈ અસર થતી નથી.
- ગાડીની મેઈન્ટેનન્સ કોસ્ટ ઘટે.
- ઈકોફ્રેન્ડલી કેમીકલ ફ્રી સર્વિસ.

પંચેશ્વર રોડ, આર્યુવેદીક હોસ્પીટલ સામે, જુનાગઢ.

VARDHMAN MOTORS

સૌ-પ્રથમ આવીગયુ છે. જર્મન ટેકનોલોજીનું કાર્બન કલીનીગ મશીન....

- ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટે
- ૧૦૦ સીસી થી લઈને ૧૦,૦૦૦ સીસી. સુધીની ગાડી માટે.
- શું તમારી ગાડી પણ દબાય છે???
- શું તમારી ગાડી પુરતી એવરેજ નથી આપતી ???
- માત્ર ૧૫ થી ૩૫ મીનીટમાં કરાવો તમારા વ્હીકલને કલીન. તો આજેજ કરાવો તમારા કારની કાર્બન કલીનીગ

...વધુ માહિતી માટે સંપર્ક કરો...
98256 48301



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનાથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
**મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪**



**સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક**

૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં

**સી.સી. પડદાવાળા**

18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫





SHALBY ORTHOPEDICS CENTRE OF EXCELLENCE RAJKOT

**નિ:શુલ્ક નિદાન કેમ્પ**
18 ફેબ્રુઆરી 2024, રવિવાર
સવારે 10 થી બપોરે 2 વાગ્યા સુધી

શું તમને સતત ઘૂંટણમાં અને થાપામાં દુ:ખાવો છે?
શું તમને ફક્ત ઘૂંટણની અંદર ના ભાગ માં અથવા એક જ ભાગ માં દુ:ખાવો થાય છે?
શું તમને પગથીયા ચડવા-ઉતારવામાં તકલીફ થાય છે?
તેને અવગણશો નહીં! સલાહ લો...
TUKSplasty , Hip રિપ્લેસમેન્ટ, Knee રિપ્લેસમેન્ટ

ટૂંક સમય માં રાજકોટ માં પ્રારંભ
**શેલ્બી ઓર્થોપેડિક્સ**
સેન્ટર ઓફ એક્સિલન્સ (SOCE)
(*સૌજન્ય - આઈ. સી. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ)

કેમ્પ માં ઉપસ્થિત શેલ્બી હોસ્પિટલ અમદાવાદ ના ડોક્ટર્સ ની ટીમ
**ડૉ. આશિષ શેઠ**
સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
20000 + જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી નો અનુભવ
**ડૉ. રવિ ઢોલરીયા**
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ફિઝિયોથેરાપિસ્ટ : ડૉ. મિરલ પટેલ, ડૉ. બ્રિન્ઝા પટેલ, ડૉ. મીશા જસાણી

શેલ્બી ઓર્થોપેડિક્સ સેન્ટર ઓફ એક્સિલન્સ,
પ્લોટ નંબર 66, શિવમ પાર્ક, માધાપર ચોક, સર્વિસ રોડ, રાજકોટ - 360006
63579 58977
63573 95001


C M Y K

## સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના અહેવાલનો પડઘો

# બિલખામાં આગેવાનોની રજુઆતને લઈને બંધ પડેલી સીટી સર્વેની ઓફિસ પુર્નઃ શરૂ થતા લોકોમાં આનંદ

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા) બિલખા તા.૧૫

બિલખામાં છેલ્લા ઘણા સમયથી સીટી સર્વેની ઓફિસ બંધ પડી હતી અને મેન્ટેનન્સ સર્વેયર ગેરહાજર હતા જેને લઈને લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા અને આ કચેરી બંધ કરવામાં આવનાર હોવાની વાત પણ વહેતી થઈ હતી. જેના અનુસંધાને બિલખાના ઉપસરપંચ સોયેબભાઈ ચોટલીયા, અનિલભાઈ સાબલપુરા તેમજ ગ્રામજનોએ રજુઆતો કરી હતી જેનો વિસ્તૃત અહેવાલ સૌરાષ્ટ્ર ભૂમિમાં પ્રકાશીત કરવામાં આવ્યો હતો. જેના પરિણામે બિલખાની બંધ પડેલી સીટી સર્વેની કચેરી પુર્નઃ શરૂ કરી દેવામાં આવતા લોકોમાં આનંદની લાગણી જોવા મળે છે. છેલ્લા ઘણા સમયથી પેન્ડીંગ પડેલા કામો ત્વરીત ઉકેલવામાં આવે એવી લોક લાગણી જોવા મળી રહી છે.

# વિસાવદર લોહાણા મહાજનના પ્રમુખ તરીકે શાંતિભાઈ ગણાત્રાની વરણી



(વિનુ પુરોહીત દ્વારા) વિસાવદર તા.૧૫

ગત તા.૧૩-૨-૨૦૨૪ના રોજ શ્રી લોહાણા મહાજનની એક સામાન્ય સભા, વિસાવદર લોહાણા મહાજન વાડી ખાતે મળેલ. જેમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે શાંતિભાઈ ગણાત્રાની વરણી કરવામાં આવેલ.

આશરે ૯૦ થી વધારે રઘુવંશીઓની ઉપસ્થિતિ વચ્ચે શાંતિભાઈ ગણાત્રાની દરખાસ્ત અતુલભાઈ છગ એ મુકતાં ઉપસ્થિત તમામ રઘુવંશી ભાઈઓએ દરખાસ્તને સ્વીકારી તાલીઓના ગડગડાટ અને જય જલારામના જય ઘોષ સાથે સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવેલ. શ્રી ગણાત્રાની વરણી થતાં વિસાવદર તાલુકાના રઘુવંશી સમાજ તેમજ યુવાનોમાં આનંદ અને ઉત્સાહની લાગણી ફેલાયેલ. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં અગાઉ નવ વર્ષ (ત્રણ ટર્મ ) સુધી શ્રીગણાત્રાએ લોહાણા મહાજનના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. અને એ સમયગાળા દરમિયાન તેઓશ્રીએ લોહાણા વાડીમાં સુધારા વધારા સાથે સુવિધાઓ ઉભી કરી પ્રશંસા મેળવેલ. આમ ભૂતકાળની તેમની મહત્વની સેવાઓને ધ્યાને લઈ વિસાવદરના લોહાણા સમાજે ફરી એક્ ટર્મ સેવા આપવા વિનંતી કરેલ. પ્રત્યુતરમાં શ્રી ગણાત્રાએ વિનંતીનો સ્વીકાર કરી પ્રમુખ તરીકેની સેવા સંભાળવા તૈયારી બતાવી. ત્યારે ઉપસ્થિત રઘુવંશીઓએ સર્વાનુમતે તેમની ત્રણ વર્ષ માટે ઉત્સાહ સાથે વરણી કરેલ. શ્રી ગણાત્રા દેવમણિ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વિસાવદરના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત તેઓ પત્રકાર એકતા પરિષદ વિસાવદરના પ્રમુખ છે.

તેમજ અંધ વિદ્યાર્થી ભુવન વિસાવદર, શ્રી ગોવર્ધનજી હવેલી વિસાવદરના ટ્રસ્ટી તરીકે અને કો.કો.બેંક જુનાગઢ (વિસાવદર શાખા) ના ડિરેક્ટર તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. શ્રી ગણાત્રાની લોહાણા મહાજન સમાજના પ્રમુખ પદે વરણી થતાં તેમના બહોળા મિત્ર સમુદાય દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે વસંતપંચમી – સરસ્વતીપૂજા કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી દ્વારા) પ્રભાસ પાટણ તા.૧૫



ભારતીય સંસ્કૃતિ અને પરંપરા પ્રમાણે ચાલનારી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમા, યજ્ઞયાગાદિ સમિતિ દ્વારા વંસતપંચમી નિમિતે સરસ્વતી પૂજાનું તા.૧૪-૦૨-૨૦૨૪ના રોજ આયોજન કરવામાં આવેલ હતુ જેમાં તમામ અધિકારી, કર્મચારી, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ સાથે મળી આ કાર્યને સમ્પન્ન કરવામાં આવ્યુ હતું સાથે સાથે પરિસર ખાતે આવેલ તમામ મંદિરોમાં પણ આજે ભાવપુર્વક પૂજા અર્ચના કરાવવામાં આવી હતી. (૧) જેમાં પ્રથમ માતા સરસ્વતીની પુજા કરવામાં આવી જેમાં યજમાન પદે ડૉ.કાર્તિકભાઈ પંડયા અને ડૉ. પંકજભાઈ રાવલ હતા. (૨) બૃહસ્પતિ ગ્રંથાલય ખાતે આવેલ બૃહસ્પતિજીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. જેમાં યજમાન પદે શ્રી રવિન્દ્ર એસ. કાળે (ગ્રંથપાલશ્રી), શ્રી વિશાલભાઈ જોષી, શ્રી વિશાલભાઈ રાઠોડ તથા સમગ્ર સ્ટાફ જોડાયેલા હતા. (૩) મુખ્ય પ્રવેશ દ્વાર પાસે બિરાજમાન વેદ વ્યાસજીની પૂજા અર્ચના પુરાણ વિભાગના ડૉ. આશાબેન માઢક અને ડૉ. કુંજલબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી. (૪) ત્રિવેણી પ્રાંશાસનિક ભવનમાં બિરાજમાન પંચમુખી હનુમાન મંદિરે પૂજા અર્ચના કરવામાં આવી જેમાં વહીવટી સ્ટાફ દ્વારા કરાવવામાં આવી જેમાં શ્વેતાબેન જાની, વૈશાલીબેન વાઘ, અનિલભાઈ જોશી, સાધુ મંગલવર્ધનદાસ, ભાવસિંહભાઈ બારડ, ભીમસિંહભાઈ, નરેશભાઈ વાણવી, ડૉ. જયેશકુમાર મુંગરા તથા તમામ સ્ટાફ જોડાયેલ હતો. (૫) વેદમંદિર ખાતે આજે પૂજા અર્ચના કરવામાં આવી જેમના યજમાન પદે હિતેષભાઈ જાની જોડાણા હતા.

આ પૂજા અર્ચના દ્વારા તમામ વિદ્યાર્થીઓ તથા તમામ સ્ટાફ દ્વારા પ્રસન્નતાની અનુભુતિ થઈ હતી અને આ પૂજાવિધિને આ સમગ્ર કાર્યક્રમ યજ્ઞયાગાદી સમિતિ દ્વારા કરવામાં આવેલ હતો.

# ખંભાળિયામાં વરિયા પ્રજાપતિ જ્ઞાતિનો ૩૪ મો સમૂહ લગ્ન સમારોહ રંગેચંગે સંપન્ન



(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૫

ખંભાળિયામાં સમસ્ત વરિયા પ્રજાપતિ જ્ઞાતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ૩૪ માં સમૂહ લગ્નમાં જ્ઞાતિના સાત નવદંપતિઓ લગ્નગ્રંથિથી જોડાયા હતા. વસંત પંચમીના શુભ દિને અહીંના મ્યુનિસિપલ ટાઉનહોલ ખાતે યોજવામાં આવેલા વરિયા પ્રજાપતિ જ્ઞાતિના આ સમૂહ લગ્નમાં દરેક કન્યાને આશરે રૂપિયા એક લાખ જેટલી કિંમત ધરાવતી કુલ ૧૦૦ જેટલી ચીજ વસ્તુઓ, ગૃહ ઉપયોગી સાધનો કરિયાવર તરીકે ભેટ આપવામાં આવી હતી. આ જે માટે જ્ઞાતિના દેશ વિદેશમાં વસતા દાતાઓનો સહયોગ સાંપળ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર આયોજન માટે જ્ઞાતિના પ્રમુખ તેમજ ટ્રસ્ટીઓ સાથે જ્ઞાતિના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# સફળતા પાછળ દોડતા માનવીની કથા એટલે ગુજરાતી ફિલ્મ નાસુર

(રાજેશ મહેતા દ્વારા) અમદાવાદ તા.૧૫



સફળતા પાછળ દોડા-દોડી કરતા માનવીની વાત કહેતી મનોજ આહિર પ્રોડક્શન સ્ટોરીટેલ ફિલ્મ પ્રસ્તુત ગુજરાતી ફિલ્મ નાસૂર

ધંધાકીય હરીફાઈમાં સફળતા મેળવવા દોડતો માણસ છેવટે લાગણીને સંબધો માટે તરસતો જોવા મળે છે. પૈસા-પાવર ને નામના પાછળદોડતો માણસ જ્યાર એકલતા અનુભવે છે ત્યારે એકલતાનો 'ઘા' 'નાસૂર'બની જાય છે. એ 'નાસૂર'ને રૂઝાવવા લાગણી પ્રેમના સંબધોની જરૂર પડે શું આ લાગણી – પ્રેમ એને મળશે ? એનો 'નાસૂર'બની ગયેલો ઘા રૂજાશે?

આવી અદ્ભુત કથાનક વાળી ફિલ્મ 'નાસૂર' કાજલ મહેતા એ લખી છે તો રીષીલ જોષી એ ડિરેક્ટર કરી છે. જ્યારે હિતુ કનોડીયા - નિલમ પંચાલ ની જોડીએ અદ્ભૂત અભિનય કર્યો છે. સાથે ડેનીશા ઘુમરા, હિના વડે, હેમિનત્રિવેદી, વૈશાખ રતનબેન રાઠોડ ને વિશાલ ઠક્કર જોવા મલશે.

હિતુ કનોડીયા ને નિલમ પંચાલ નો અભિયન પળે-પળે હવે શું થશે ? નો અનુભવ કરાવે છે ટુંકમાં રૂપિય પાછળ દોડતા માણસને 'નાસૂર' બની ગયેલા ઘા રૂઝવવા માટે લાગણી-પ્રેમ રૂપી મલમ મળશે ખરો? એ જોવા 'નાસૂર' ફિલ્મ જોવી જ રહી.

# ઓખા તાલુકા શાળામાં વસંપંચમીની ધામધૂમથી ઉજવણી



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧૫

ઓખા શહેરમાં ખૂબ સારી નામના ધરાવનાર ઓખા તાલુકા શાળામાં માતૃ પિતૃ પૂજન દિવસ, વસંત પંચમીની ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. મહા સુદ પાચમ એટલે મા સરસ્વતીનો પ્રાગટ્ય દિવસ. આ વસંત પંચમી- ઋતુ તહેવારની ઉજવણીની શરૂઆત નાના બાળકો દ્વારા સરસ્વતી વંદનાથી કરવામાં આવી. મુખ્ય અતિથિ રેલ્વે વિભાગના કર્મચારી શ્રી યાદવભાઈ તેમજ વાલી મિત્રો રહ્યા હતા. સાથે સાથે ૧૪ ફેબ્રુઆરી એટલે માતૃ-પિતૃ પૂજન દિવસ. શાળાના ભૂલકાઓએ તેમના વાલી સાથે આ દિવસની ઉજવણી કરી આશીર્વાદ મેળવ્યા. ઉપરાંત આજના દિવસે ૨૦૧૯ માં થયેલ હુમલામાં આપણે ગુમાવેલ ૪૦ CRPF જવાનોને કઈ રીતે ભૂલી શકાય. શાળાની બાળાઓ દ્વારા દેશભક્તિ ગીત રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમને સાચા અર્થમાં સાર્થક બનાવવા શાળાનાં મોટા ગુરૂજી શ્રી દિલીપકુમાર ગોપાત તેમજ સમગ્ર સ્ટાફ ગણે જહેમત ઉઠાવી હતી.

### પૂજય ડોંગરેજી મહારાજની આજે જન્મ જયંતિ

# સોમનાથ તીર્થમાં ૫૭ વર્ષથી તેમની પ્રેરણાથી ભૂખ્યાજનોની જઠરાગ્ની ઠારે છે અન્નક્ષેત્ર



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા.૧૫

પ્રાંતઃ સ્મરણીય પૂજય ડોંગરેજી મહારાજની આજે જન્મ જયંતિ છે તેઓના પ્રયાસો પ્રેરણાથી સોમનાથ ખાતે ૧૯૬૭ના ભાઈબીજના રોજ સોમનાથ મંદિર નજીક અને ત્રિવેણી જતા રોડ ઉપર સોમનાથ દર્શને આવતા જતા યાત્રિકોની સુવિધા અર્થે અન્નક્ષેત્ર સ્થપાયુ છે આજે પણ દૈનિક હજારો યાત્રિકો આ અન્નક્ષેત્રનો પ્રસાદ ગ્રહણ કરી સંતોષ અનુભવે છે.

સોમનાથ તીર્થમાં પૂજય ડોંગરેજી મહારાજની કથાઓ તેમના કાર્યકાળ દરમ્યાન યોજાયેલી છે અને તેઓ કથાના દિવસોમાં પ્રભાસમાં અન્નક્ષેત્રમાં નિવાસ કરતા અને દૈનિક પૂજા પાઠ સાધના કરતા હતા.

# જૂનાગઢ : દુકાનમાંથી બાળ મજૂરને મુક્ત કરાયો

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢમાં એમજી રોડ સ્થિત જેનીલી શોપિંગ સેન્ટરમાં આવેલ મયુર કિડ્સ નામની દુકાનમાં શ્રમ અધિકારી એમ.એચ. પરમાર સહિતના સ્ટાફે ઓચિંતા દરોડો પાડીને તપાસ કરતા એક બાળ મજુર મળી આવ્યો હતો. જેની પૂછપરછ કરતા તેને દુકાન માલિક ૬ કલાકથી વધારે કામ કરાવતો હોવાનું જણાવ્યું હતું. આથી શ્રમ અધિકારીએ વેપારી દિપક પ્રકાશભાઈ લાખાણી વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી કરાવી હતી. અત્રે નોંધનીય છે કે જૂનાગઢ શહેરમાં અનેક જગ્યાએ બાળ મજુરી કરાવવામાં આવતી હોવાની ફરીયાદ ઉઠતા હજુ પણ ચેકીંગવ ચાલુ રહેશે.

# ખંભાળિયામાં આગામી ગુરૂવારે વિશ્વકર્મા જયંતીની થશે ભવ્ય ઉજવણી



(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૫

ખંભાળિયામાં શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતી મહોત્સવની ઉજવવાની કરવામાં આવનાર છે. સૃષ્ટિના સર્જનહાર અને દેવોના શિલ્પાચાર્ય આદિનારાયણ ભગવાન શ્રી વિશ્વકર્મા દાદાના પ્રાગટ્ય દિવસને વિશ્વકર્મા જયંતી તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે આગામી ગુરુવાર તારીખ, ૨૨ ફેબ્રુઆરીના રોજ ખંભાળિયામાં શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું સુંદર અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વહેલી સવારે વિશ્વકર્મા દાદાની મંગળા આરતી, પાટોત્સવ હવન, નુતન ધ્વજારોહણ, દાતાઓનું સન્માન, સમુહ ભોજન, વિદ્યાર્થી સન્માન સમારોહ, સંધ્યા મહા આરતી, સમુહ ભોજન અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમના સુંદર આયોજનની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

આ મહોત્સવમાં ગુર્જર સુતાર જ્ઞાતિના અનેક શ્રેષ્ઠીઓ, આગેવાનો તેમજ શહેર તથા બહારગામના જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. વિશ્વકર્મા જયંતી મહોત્સવના આ કાર્યક્રમોના દાતા તરીકે મુળ હંસ્થલ ગામના અને હાલ જામનગરના રતીલાલ રાઘવજીભાઈ ભારદિયા પરિવાર ઉપસ્થિત રહેશે. તેમ સંસ્થાના મંત્રી જયંતીભાઈ સુરેલીયાની એક યાદીમાં જણાવાયું છે.

### બોર્ડની પરીક્ષામાં મોટો ફેરફાર

# ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧ મહિનો વહેલાં જાહેર થશે

## એપ્રિલના બીજા કે ત્રીજા અઠવાડિયામાં પરિણામ જાહેર થઈ શકે છે

ગાંધીનગર, તા.૧૫

આ વર્ષે બોર્ડની પરીક્ષા આપનારા લાખો વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડનું પરિણામ ૧ મહિના વહેલું જાહેર થશે. ચાલુ વર્ષે પેપર મૂલ્યાંકનમાં અનેક ફેરફારના લીધે પરિણામ વહેલા આવશે. વહેલા પરિણામથી ઉચ્ચ અભ્યાસમાં એડમિશન પ્રક્રિયા ઝડપી થશે. માર્ચ ૨૦૨૪ની પરીક્ષાનું પરિણામ અપ્રિલના બીજા કે ત્રીજા સપ્તાહમાં આપવાની બોર્ડની તૈયારી છે.

ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાના મૂલ્યાંકન કામગીરીમાં મોટો ફેરફાર કરાયો છે. આ આયોજન મુજબ હવે ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું પરિણામ દર વર્ષની સરખામણીએ દોઢ મહિના વહેલુ જાહેર થશે. એટલે કે તારીખ ૧૫ થી ૨૦ એપ્રિલની વચ્ચે પરિણામ આપી દેવામાં આવશે. પરિણામ વહેલા આપવાથી ઉચ્ચ અભ્યાસમાં થતા પ્રવેશની પ્રક્રિયામાં પણ ઝડપ આવશે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા બહુ જ મહત્વની ગણવામાં આવે છે. ત્યારે આ પરીક્ષાની પ્રોસેસ બહુ જ લાંબી હોય છે. પરીક્ષાના પરિણામની પણ લાંબી રાહ જોવી પડે છે. જેથી તેની અસર તેના બાદના એડમિશન પ્રોસેસ પર થાય છે. તેથી આ પ્રોસેસ ઝડપી બનાવવા માટે બોર્ડનું પરિણામ વહેલુ આપવામાં આવશે. આ વર્ષે બોર્ડનું પરિણામ સવાથી દોઢ મહિનો વહેલુ એટલે કે ૨૦ એપ્રિલ પહેલા જાહેર થઈ જાય તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે લગભગ બે મહિના જેટલા લાંબા ગાળા બાદ પરિણામ આપવામાં આવ્યુ હતું. ત્યારે હવે નવા આયોજન મુજબ, પરીક્ષા પૂર્ણ થતાના માત્ર ૨૦ દિવસમાં પરિણામ જાહેર થઈ જશે. આ વખતે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૧ માર્ચ, ૨૦૨૪ થી શરૂ થશે. જેમાં ધોરણ ૧૦ અને ૧૨ સાયન્સની પરીક્ષા તારીખ ૨૨ માર્ચના રોજ અને ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા ૨૬ માર્ચના રોજ પૂર્ણ થશે. એ બાદ ૧૫ થી ૨૦ એપ્રિલ દરમિયાન પરિણામ જાહેર કરવામાં આવશે.

# Paytm બાદ Visa-Mastercard દ્વારા બિઝનેસ પેમેન્ટ રોકવાનો આદેશ

નવી દિલ્હી, તા.૧૫

પેટીએમ પેમેન્ટ બેંક સામે પગલાં લીધા બાદ રિઝર્વ બેંકે વધુ એક મોટો નિર્ણય લીધો છે. RBIના આદેશમાં વિઝા અને માસ્ટરકાર્ડ નેટવર્કને નાના સાહસો દ્વારા કરવામાં આવતી કાર્ડ આધારિત કોમર્શિયલ ચૂકવણીને રોકવા માટે કહેવામાં આવ્યું છે. ઈકોનોમિક ટાઈમ્સમાં છપાયેલા સમાચાર અનુસાર, અન્ય બિઝનેસ આઉટલેટ્સ પર થઈ રહેલા વ્યવહારો પણ અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યા છે. જો કે, સેન્ટ્રલ બેંક દ્વારા આ પગલું શા માટે લેવામાં આવ્યું તે અંગે સાચી માહિતી બહાર આવી નથી.

એવું માનવામાં આવે છે કે RBIએ આ પગલું ભરવા પાછળનું કારણ એ છે કે રેગ્યુલર કેવાઈસીનું પાલન નહીં કરનાર નાના વેપારીઓ મારફતે થનાર ટ્રાન્જેક્શનને લઈને ચિંતિત છે. એક ફિનટેક સ્ટાર્ટઅપના સ્થાપકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે આ સેક્ટરમાં કામ કરતી ફિનટેકસને આગામી આદેશો સુધી કોમર્શિયલ કાર્ડ દ્વારા કરવામાં આવતી બિઝનેસ પેમેન્ટ રોકવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# પીએમ કિસાન યોજના હેઠળ ભારત સરકાર દ્વારા લાભાર્થીઓના ઈ-કેવાયસી માટેની ઝુંબેશ હાથ ધરાઈ

## ઈ-કેવાયસી બાકી છે તેવા લાભાર્થીઓએ ગ્રામ્ય કક્ષાએ નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) ખાતે ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪સુધી ઈ-કેવાયસી કરાવી લેવુ

જૂનાગઢ, તા.૧૫

પીએમ કિસાન યોજના હેઠળ ભારત સરકારશ્રી દ્વારા ૧૫મા હપ્તાથી ઈ-કેવાયસી ફરજીયાત કરવામાં આવેલ છે. જેથી જે લાભાર્થીઓને ૧૫મો હપ્તો મળ્યો ન હોય તેવા લાભાર્થીઓને ૧૫મો હપ્તો અને આગામી ૧૬ મો હપ્તો મેળવવા માટે ઈ-કેવાયસી ફરજીયાત કરાવી લેવાનું રહેશે. સરકાર દ્વારા તા. ૧૨ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી કોમન સર્વિસ સેન્ટર (CSC) મારફતે રાષ્ટ્રવ્યાપી eKYC માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જેનું ઈ-કેવાયસી બાકી છે. તેવા લાભાર્થીઓએ ગ્રામ્ય કક્ષાએ નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) ખાતે ઉપસ્થિત રહી બાયોમેટ્રીક ઓથેન્ટીફીકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવી લેવાનું રહેશે. આ ઉપરાંત અન્ય પધ્ધતિઓ દ્વારા પણ ઈ-કેવાયસી પૂર્ણ કરી શકાય છે. જેવી કે, ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક, તાલુકા પંચાયત કક્ષાએ તાલુકા વિસ્તરણ અધિકારીની કચેરીએ રૂબરૂ ઉપસ્થિત રહી ફેસ ઓથેન્ટીકેશન દ્વારા eKYC કરાવી શકશે. ગ્રામ્ય કક્ષાએ કોઈપણ યુવાન દ્વારા PM કિસાન મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી પીએમ કિસાનના લાભાર્થીનો આધાર ઓટીપી નો ઉપયોગથી લોગ ઈન કરી અન્ય ૧૦ લાભાર્થીઓનું ફેસ ઓથેંટીકેશન દ્વારા ઈ-કેવાયસી થઈ શકે છે. જે લાભાર્થીઓનો આધાર સાથે મોબાઈલ લીંક હોય તેવા લાભાર્થીઓ આધાર ઓટીપી દ્વારા ઘરે બેઠા સરળતાથી જાતે જ ઈ-કેવાયસી કરી શકે છે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી વી.કે ચૌહાણ જિલ્લા પંચાયત જૂનાગઢ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ શહેર, વિસાવદર, ભેસાણ, મેંદરડા, માણાવદર અને વંથલી તાલુકાના ગામડાઓમાં પીજીવીસીએલના દરોડા

## ૧૨૦ વીજ જોડાણમાં ગેરરીતી સામે આવી : રૂા. ૨૮.૭૫ લાખનો દંડ કરાયો

જૂનાગઢ, તા.૧૫

વીજચોરીના સામાજિક દૂષણને ડામવા પીજીવીસીએલ દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે. વીજલોસ ધરાવતા ફીડરો પર આયોજનબદ્ધ રીતે ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તા. ૧૨.૦૨.૨૦૨૪ થી તા.૧૪-૦૨-૨૦૨૪ દરમ્યાન ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને જૂનાગઢ જિલ્લાના વિસાવદર, ભેસાણ, જુનાગઢ શહેર, વંથલી, માણાવદર અને મેંદરડા હેઠળની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૮૦૨ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૧૨૦ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૨૮.૭૫ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. નોંધનીય છે કે એપ્રિલ-૨૩થી જાન્યુઆરી-૨૪ ના સમયગાળા દરમ્યાન જૂનાગઢ વર્તુળ કચેરી હેઠળ કુલ ૪૪૭૩૨ વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૬૮૬૯ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂા.૧૬૪૦.૨૩ લાખ ની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ડો.સુભાષ મહિલા કોલેજમાં અખિલ ભારતીય સાહિત્ય પરિષદના ઉપક્રમે 'વસંત પંચમી'ની ઉજવણી



જૂનાગઢ, તા.૧૫

હિંદુ સંસ્કૃતિમાં વસંતપંચમીનો દિવસ તે વસંત ઋતુનો પ્રથમ દિવસ ગણવામાં આવે છે, એટલે કે આ દિવસથી વસંત ઋતુની શરૂઆત થાય છે. વસંત પંચમી એટલે ઋતુરાજ વસંતઋતુનું આગમન. મહા સુદ પાંચમના દિવસે આ વ્રત-ઉપાસનાનું આયોજન કરવામાં આવે છે. વસંતપંચમી ગુજરાતી પંચાંગ મુજમ મહાસુદ પાંચમના દિવસે ઊજવાતો હિંદુ તહેવાર છે. જે ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં કે જાન્યુઆરી મહિનાના અંતમાં આવે છે. આજ રોજ ડો.સુભાષ મહિલા આર્ટસ કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજમાં અખિલ ભારતીય સાહિત્ય પરિષદના ઉપક્રમે વસંતપંચમીની ઉજવણી આચાર્ય ડો. બલરામ ચાવડાની અધ્યક્ષતામાં કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત સરસ્સ્વતી પ્રાર્થનાથી કરવામાં આવી હતી ત્યારબાદ ગુજરાતીના અધ્યાપક અને કવિ ડૉ.કૌશિકભાઈ પંડ્યાએ અ હિંદુ ધર્મના તહેવારોની મહતા અને સાર્થકતા વિશે વાતો કરી સહુને ભારતીય જ્ઞાન પરંપરાથી અવગત કરાવ્યા હતા.

અખિલ ભારતીય સાહિત્ય પરિષદના પ્રાંત અધ્યક્ષ ડો.બલરામ ચાવડાએ વિગતે વાત કરતા જણાવ્યું હતું કે વસંત પંચમી એટલે વિદ્યાની દેવી, જ્ઞાનની દેવી માતા સરસ્વતીનો પ્રાદુર્ભાવનો દિવસ. હિંદુ સંસ્કૃતિમાં વસંતપંચમીનો દિવસ તે વસંત ઋતુનો પ્રથમ દિવસ ગણવામાં આવે છે, એટલે કે આ દિવસથી વસંત ઋતુની શરૂઆત થાય છે. વસંત પંચમીના દિવસે માતા સરસ્વતીની ખાસ પૂજા કરવામાં આવે છે.આજના દિવસે અનેક શુભ કાર્યો કરવામાં આવે છે. માતા બુદ્ધિ અને જ્ઞાનની કારક છે. આ દિવસે પીળા વસ્ત્રો ધારણ કરીને માતા રાણીને પીળા રંગનું ભોજન અર્પણ કરવાથી માતા રાણી પ્રસન્ન થાય છે. હિન્દુ ધર્મમાં વસંત પંચમીનું મોટું મહત્વ છે. સરસ્વતી માતાને બુદ્ધિ અને વિદ્યાની કારક માનવામાં આવે છે. વસંત પંચમી પર પીળા રંગના કપડાં પહેરવાથી લઈ માતા લક્ષ્મીને પીળી વસ્તુઓ બનાવી ભોગ લગાવવું ખુબ શુભ માનવામાં આવે છે. હિન્દુ ધર્મમાં પીળા રંગને ખૂબ જ શુભ માનવામાં આવે છે, પીળો રંગ જ્ઞાન અને શુભતાનું પ્રતિક છે. એટલે જ વસંત પંચમી પર લોકો પીળા રંગના કપડાં પહેરે છે અને પીળા રંગનું ભોજન પણ બનાવે છે. આ દિવસે ઘરને પીળા ફૂલોથી શણગારવામાં આવે છે. તેનાથી સકારાત્મક ઉર્જા આવે છે.

વધુમાં જણાવ્યું હતું કે વસંત પંચમીના દિવસે ભગવાન વિષ્ણુ, કૃષ્ણ, રાધા અને માતા સરસ્વતીને પીળા રંગનાં વસ્ત્રો અને ફૂલોથી શણગારીને ગુલાલ, ધૂપ-દીપ અને જળ અર્પણ કરીને તેમની પણ પૂજા કરવામાં આવે છે. વસંતપંચમીનો તહેવાર સરસ્વતી પૂજા અને પંચમી તરીકે પણ જાણીતો છે. મૂળ પ્રકૃતિ, સૃષ્ટિની રચના કરવા માટે દૂર્ગા, રાધા, લક્ષ્મી, સરસ્વતી અને સાવીત્રી એમ પાંચ રૂપમાં વિભાજીત થઈ. જેમાં સરસ્વતી દેવી રાધા દેવીના ચહેરામાંથી ઉત્પન્ન થયાં છે. માં સરસ્વતીની કૃપાથી, દયાથી, પ્રસન્નતાથી મુર્ખ વ્યક્તિ પણ વ્યક્તિ પંડીત બની જાય છે. શીખ સમાજના લોકો આ દિવસે પતંગોત્સવ ઊજવે છે. કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રા.નયનાબેન ગજ્જરે કર્યું હતું આ તકે પ્રા.પી.આર.મારુ અને પ્રા.દિવ્યેશ ઢોલા અને વિદ્યાર્થી બહેનો વિશાળ સંખ્યમાં ઉપસ્થિત રહ્યાં હતા. કોલેજના પરિસરમાં આવા જ્ઞાનસભર કાર્યકમો યોજી કેમ્પસ ધબકતું રાખવા માટે સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડાએ સહુને અભિનંદન પાઠવ્યા હતા.

# દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૨.૦ યોજાશે

## દિવ્યાંગ વ્યક્તિઓમાં ખેલ મહાકુંભ પ્રત્યેની અભિરૂચિને પ્રદર્શિત કરવા માટે ઉમદા અવસર મળે એ માટે પાંચ કેટેગરીમાં સ્પર્ધાનું આયોજન

જૂનાગઢ, તા.૧૫

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૨.૦ નું આયોજન હાથ ધારેલ છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૨.૦માં વિવિધ કેટેગરીના ખેલાડીઓ માટે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામા આવેલ છે. સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૨.૦ ગુજરાતમાં દિવ્યાંગ (HI) વ્યક્તિઓ સામેલ કરીને તેનામાં રહેલી ખેલ મહાકુંભ પ્રત્યેની અભિરૂચિને પ્રદર્શિત કરવા માટે ઉમદા અવસર પૂરો પાડ્યો છે. સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રિય અંધજન મંડળ દ્વારા જિલ્લા કક્ષાનાં શ્રવણમંદ (HI) બાળકો માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ ૨.૦ રમોત્સવ આયોજન થનાર છે.

દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભમા પાંચ કેટેગરી મુજબ માનસિક ક્ષતિગ્રસ્ત (MR), શારિરીક ક્ષતિગ્રસ્ત (OH), અંધજન (blind), શ્રવણ મંદ ક્ષતિ વાળા (Deaf), સેરેબ્રલ પાલ્સી (CP) ધરાવતા અને ૪૫ વર્ષ સુધીના શ્રવણમંદ વ્યક્તિઓ (ભાઈઓ/બેહનો) ઑનલાઇન રેજિસ્ટ્રેશન કરેલ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૨.૦ અંધજન અને શ્રવણમંદ ખેલાડીઓની સ્પર્ધા સરદાર પટેલ સ્પોર્ટ્સ ઓથોરીટી કોમ્પલેકસ, ગાંધીગ્રામ જૂનાગઢ ખાતે તા. ૧૮/૦૨/૨૦૨૪ થી તા. ૨૦/૦૨/૨૦૨૪ અને શારીરિક અને માનસિક ક્ષતિગ્રસ્ત ખેલાડીઓની સ્પર્ધા સાંપ્રત એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, મુ. ડુંગરપુર ખાતે તા. ૨૮/૨/૨૦૨૪ થી તા. ૨૯/૨/૨૦૨૪ દરમ્યાન આયોજન થનાર છે. વધુ માહિતી માટે મો. ૭૮૫૯૯૪૬૯૮૪, ૯૮૯૮૪ ૫૬૮૦૭ અને ફોન નંબર ૦૨૮૫ - ૨૬૮૧૬૧૨ પર સંપર્ક કરવા જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ મનપાના કમમિશ્નરની કેશવ ક્રેડીટ સોસાયટીના પદાધિકારીઓએ લીધી શુભેચ્છા મુલાકાત

જૂનાગઢ, તા.૧૫



જૂનાગઢ મહાનગર-પાલિકાના કમિશ્નર ડો.ઓમ પ્રકાશની શુભેચ્છા મુલાકાત કેશવ ક્રેડીટ સોસાયટીના ચેરમેન રમેશભાઈ સાવલીયા, એમ.ડી. નરેન્દ્રભાઈ ભુત, જો.એમ.ડી. ચીમનભાઈ ડોબરીયા, જનરલ મેનેજર સમીરભાઈ જોષીએ લીધી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓ વૃતિકા અને શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવવા ઓનલાઈન અરજી કરી શકાશે

જૂનાગઢ, તા.૧૪

રાજ્ય રમત-ગમત પરિષદ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રાજ્યના એસોસિએશન દ્વારા રાષ્ટ્રીય કક્ષાના રાજ્યના ચંદ્રક વિજેતા ખેલાડીઓને શિષ્યવૃત્તિ અને રાષ્ટ્રીય કક્ષાએ રાજ્યના ભાગ લેનાર ખેલાડીઓ માટે વૃતિકા આપવાની યોજના અમલમાં છે. ગુજરાત રાજ્યના જે ખેલાડીઓ ગત વર્ષ ૨૦૨૨-૨૩ની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં વિજેતા થયેલ હોય અને રાષ્ટ્રીય કક્ષાએ રાજ્યના ભાગ લેનાર ખેલાડીઓ અને શિષ્યવૃત્તિ અને વૃતિકા યોજના અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની વેબસાઈટ ઉપર http://sportsauthority.gujarat.gov.in/player-registration ઉપરથી ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૨૮-૨-૨૦૨૪ છે.

# લોધિકા તાલુકાના હરીપર પાળ મુકામે સીસી રોડનું ખાતમુર્હુત કરાયું





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૫

રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી તેમજ પૂર્વ લોધિકા તાલુકા પંચાયત પ્રમુખ મનોજ રાઠોડનાહસ્તે લોધિકા તાલુકાના હરીપર પાળ મુકામેસી.સી.રોડનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. જેસી.સી.રોડનું કામ પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન રાઠોડની ગ્રાન્ટમાંથી મંજુર થયેલ છે. જે ખાતમુહુર્ત કાર્યક્રમ જીલ્લા મંત્રી મનોજ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું, આ ખાતમુહુર્ત કાર્યક્રમમાંમુનાભાઈ સરપંચ, શૈલેષભાઈ રાઠોડ, ભીખુભાઈ ડાંગર, વિક્રમભાઈ લોખીલ, જીણાભાઈ સીતાપરા, માંડણભાઈલોખીલ, જીકાભાઈ સીતાપરા, સુખાભાઈ રાઠોડ, લાખાભાઈ રાઠોડ, હકાભાઈછાસીયા, વિક્રમભાઈ હુંબલ, ઉદયભાઈ રાઠોડ સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## જૂની પેન્શન યોજના લાગુ કરવાના પ્રશ્ને

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના કર્મચારીઓએ કાળીપટ્ટી ધારણ કરીને ફરજ બજાવી

(પ્રતિનિધિ દ્વારા)



જામ ખંભાળિયા, તા. ૧૫

રાજયમાં સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના લાગુ કરવા માટેના ચાલી રહેલા આંદોલનના ભાગ રૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લાના આશરે ૨૨૦૦ પ્રાથમિક શિક્ષકો, ૩૫૦ જેટલા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષકો અને ૫૦૦ જેટલા અન્ય કેડરના કર્મચારીઓ એ ગઈકાલે બુધવારે કાળીપટ્ટી ધારણ કરીને પોતાની ફરજ બજાવી હતી. આટલું જ નહીં, આજરોજ ગુરૂવારે પણ શિક્ષકો કાળીપટ્ટી ધારણ કરશે. આ ઉપરાંત શુક્રવાર તારીખ ૧૬ ના રોજ તેઓ કાળા કપડાં પહેરીને ફરજ બજાવશે. આ પછી તા. ૨૩ ના રોજ ગાંધીનગર ખાતે મોટી સંખ્યામાં કર્મચારીઓ એક દિવસ ધરણા કરશે. કર્મચારીઓની મુખ્ય બે માંગણી મુજબ તમામ કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના લાગુ કરવી તેમજ તમામ કેડરમાં ફિક્સ-પે થી નિમણૂંક નાબૂદ કરીને કાયમી ભરતી કરવી તથા અગાઉ આંદોલન વખતે સરકાર સાથે થયેલા સમાધાન મુજબ સરકારે બાંહેધરી આપેલા પ્રશ્નો કે જેમાં ૧-૪-૨૦૦૫ પહેલા નિમણૂંક પામેલા તમામ કર્મચારીઓને જૂની પેન્શન યોજના આપવામાં આવશે, સી.પી.એફ.માં ૧૦ ટકા સામે ૧૪ ટકા સરકારનો ફાળો, સાતમા પગાર પંચના બાકી ભથ્થા કેન્દ્રના ધોરણે આપવા વગેરે પ્રશ્નોનું આજ દિન સુધી નિરાકરણ આવેલ ન આવતાં ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચાના આદેશથી દેવભૂમિ દ્વારકા જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા જિલ્લાના તમામ કર્મચારીઓ આ આંદોલનમાં જોડાયા છે. આગામી દિવસોમાં પણ આંદોલનાત્મક કાર્યક્રમોમાં વધુને વધુ કર્મચારીઓ જોડાય તે માટે જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચાના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, મહામંત્રી રાજેશભાઈ વ્યાસ તથા ઉપપ્રમુખ હેમંતભાઈ નંદાણીયા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ઓખામાં ૮ ફેરી બોટના લાઈસન્સ સસ્પેન્ડ કરાયા : અઠવાડિયા માટે પરવાનો રદ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૫

ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરીબોટમાં નિયમોની અમલવારી કરવા માટે સમયાંતરે ચેકિંગ તેમજ કડક કામગીરી કરવામાં આવે છે. ત્યારે જી.એમ.બી. જારી કરવામાં આવેલા એક પત્રમાં ઓખાથી બેટ દ્વારકા વચ્ચે દરિયાઈ માર્ગ પર ચાલતી જુદી જુદી આઠ ફેરી બોટના ભરવાના શરત ભંગના કારણોસર એક સપ્તાહ માટે સસ્પેન્ડ કરતો હુકમ કરવામાં આવ્યો છે. જાણવા મળતી વિગત મુજબ યાત્રિક સાથે ગેરવર્તન કરવા, મુસાફરોને લાઈફ જેકેટ ન પહેરાવવા, અન્ય જગ્યાએ મુસાફરને ઉતારવા, વારા પ્રમાણે બોટ ન ચલાવવા, સહિતના જુદા જુદા કારણસર ચાંદ તારો, શેરે કિરમાની, શહેનશાહ કિરમાની, ભાગ્યલક્ષ્મી, અલ મદીના, રમજાન, ઝીલ અને જય મહાકાલ નામની આઠ ફેરી બોટના તારીખ



૧૪ થી ૨૧ ફેબ્રુઆરી સુધી પરવાના મોકૂફ રાખવા તેમજ શરતોના ભંગ બદલ રૂા.૫૦૦નો દંડ કરતો હુકમ ગુજરાત મેરીટાઈમ બોર્ડના બંદર અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે.



આપણા પક્ષને મજબુત બનાવવા પક્ષનો ભરતીમેળો યોજવાની જરૂર છે!



તમને હવે કોઈ પણ પક્ષ તેના પક્ષમાં લેવા તૈયાર નહીં થાય !

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# લોકસભાની ચુંટણી ટાંકણે વિપક્ષોમાં તડા-કોને ફાયદો

લોકસભા ચૂંટણીને લઈને ભાજપ સામે વિપક્ષી દળોના ગઠબંધનની સમસ્યા તો જાણે ખતમ જ નથી થઈ રહી. હાલમાં જ વિપક્ષી ગઠબંધનના સંયોજકની રેસમાં સોલ નીતિશકુમાર પાટલી બદલી ચૂક્યા છે. ચૂંટણીમાં સહયોગી પક્ષો સાથે સીટોની વહેંચણીમાં સહમતિ તો બહુ દૂરની વાત દેખાઈ રહી છે. દેશમાં લોકસભા ચૂંટણીમાં હવે વધુ સમય નથી રહ્યો. કેન્દ્ર સરકાર દ્વારા વચગાળાનું બજેટ પણ આવી ગયું છે. ગમે ત્યારે ચૂંટણીની તારીખો જાહેર થઈ શકે છે. આ તરફ સત્તાની હેટ્રિક કરવાની તૈયારીમાં લાગેલ ભાજપનો એનડીએ ગઠબંધન સામે મુકાબલો કેટલો છે? વિપક્ષી દળો તરફથી મોદીને કેટલી મજબૂત ટક્કર મળશે? ચૂંટણી પહેલાં વિપક્ષી ગઠબંધનમાં મચેલ ઉથલપાથલ બાદ આ સવાલ મહત્ત્વનો છે. વિપક્ષ અત્યારે પૂરેપૂરો વિખેરાયેલો દેખાય છે. ૨૮ પક્ષોવાળા વિપક્ષી ગઠબંધનમાં ચૂંટણી પહેલાં સાથીઓના છટકવાનો સિલસિલો ચાલુ થઈ ગયો છે. ગયા વર્ષે ડિસેમ્બરથી જ કોંગ્રેસ અને અન્ય સહયોગી દળોમાં સીટોની વહેંચણી પર સહમતિને લઈને વાતચીત ચાલી રહી છે. લગભગ ૫૦ દિવસ વીત્યા બાદ પણ હજુ કશું ઠોસ જનતા સામે નથી આવ્યું. વિપક્ષી ગઠબંધનના સંયોજકની રેસમાં સામેલ રહેલા મુખ્ય ચહેરા અને બિહારના સીએમ નીતિશ કુમાર ફરી પાછા એનડીએમાં સામેલ થઈ ગયા છે. એનાથી એનડીએને કેટલી મજબૂતી મળશે એ સવાલ કરતાં વધુ મહત્ત્વનું છે કે વિપક્ષી ગઠબંધનને કેટલું નુક્સાન થશે. કોંગ્રેસ ભલે તેની અસરને કમતર આંકી રહી હોય પરંતુ રાજકીય વિશ્લેષકો તેને મોદી વિરુદ્ઘ લડાઈમાં ભારે ઝાટકો માની રહ્યા છે. વિપક્ષી ગઠબંધનમાં કોંગ્રેસ સૌથી મોટો પક્ષ છે. એવામાં ગઠબંધનના હિસ્સેદાર ૨૮ પક્ષો વચ્ચે તેની જવાબદારી ઘણી મહત્ત્વની છે. કોંગ્રેસ સામે દિલ્હી, પંજાબ, કેરળ અને પશ્ચિમ બંગાળમાં દુવિધાની સ્થિતિ છે. દિલ્હી અને પંજાબમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના પ્રાદેશિક એકમો ગઠબંધન પર માનસિક રૂપે તૈયાર નથી થઈ રહ્યા. પંજાબમાં આમ આદમી પાર્ટી દ્વારા બધી સીટો પર ચૂંટણી લડવા સુદ્ઘાંની વાત કરી દેવાઈ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી પણ એકલા લડોની વાત કહી ચૂક્યાં છે. હજુ આ બે પક્ષો તરફથી અસહમતિના સૂર નીકળી જ રહ્યા હતા કે વિપક્ષી ગઠબંધન માટે મહારાષ્ટ્રથી પણ સારા સમાચાર નથી આવી રહ્યા. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીમાં સામેલ પ્રકાશ આંબેડકરે સ્પષ્ટ કહી દીધું છે કે વિપક્ષી ગઠબંધન લગભગ ખતમ થઈ ગયું છે. પ્રકાશનું કહેવું છે કે રાજ્યમાં સીટોની વહેંચણી પર શિવસેના અને એનસીપી સાથે વાતચીત થઈ રહી છે. કોંગ્રેસ સાથે કોઈ વાતચીત જ નથી. ભાજપની સ્થિતિ આ સમયે સમુદ્રમાં એક મોટા જહાજ જેવી છે. મોદી સરકાર કિસાન સન્માન નિધિ, મફત અનાજ યોજના, પીએમ આવાસ યોજના, મુદ્રા લોન જેવી પોતાની કલ્યાણકારી યોજનાઓ સાથે મજબૂતીથી ઊભી છે. જ્યારે બિહાર જેવા મોટા રાજ્યમાં વિપક્ષી ગઠબંધન પૂરેપુરૂં વિખેરાયેલું જોવા મળી રહ્યું છે. નીતિશ કુમાર ખુદ આ વાતને કહી ચૂક્યા છે કે વિપક્ષી ગઠબંધન બહુ સ્લો ચાલી રહ્યું છે. કોંગ્રેસ ભલે કહી રહી હોય કે વિપક્ષી ગઠબંધનનો મકસદ મોદીને સત્તામાંથી હટાવવાનો છે, પરંતુ જમીની સ્તર તો આ મુંગેરીલાલનું સપનું જ લાગી રહ્યું છે. વિપક્ષ મોંઘવારી અને બેરોજગારી મુદ્દા પર પણ સરકારને અત્યાર સુધી ઘેરવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યો છે. વિપક્ષી ગઠબંધન તરફથી અત્યાર સુધી સંયુક્ત રેલી કે પ્રચાર અભિયાનને લઈને પણ સ્થિતિ સ્પષ્ટ નથી થઈ. રાજકીય વિશ્લેષકો અનુસાર જ્યાં સુધી લોકસભા ચૂંટણીમાં લોકો વચ્ચે મુખ્ય મુદ્દા અને પરસેપ્શનની લડાઈ છે, તેમાં કોંગ્રેસનીત ગઠબંધન સંપૂર્ણ રીતે પાછળ દેખાઈ રહ્યું છે. એવામાં વિપક્ષી ગઠબંધન મોદી સાથે મુકાબલો કેવી રીતે કરી શકે એ તો આવનાર સમય જ નક્કી કરશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જેનું મન સંતોષી છે તેને સ્વર્ગના સુખથી વિશેષ સુખની પ્રાપ્તિ થાય છે. - વેદવ્યાસજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૬, તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૪, અશ્વિની નક્ષત્ર, શુક્લ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૨૫, સૂ.અ.૬:૪૬

આજનો દિવસ સવારે ૯:૨૫ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધીરજની કસોટી થાય. પરેશાની-તકલીફમાં વધારો થાય.
વૃષભ:મનમાં વ્યર્થ દુઃખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેત રહેવું
મિથુન:શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરવો. અપયશનો ભોગ
કર્ક: મનમાં અશાંતિ રહે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.
સિંહ: મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.
કન્યા: ખોટો ખર્ચ કરવો પડે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
તુલા: લાભની તક સાંપડે. કાર્યમાં સફળતા અને પ્રગતિજનક દિવસ
વૃશ્ચિક:પ્રિયજનથી મિલન, વ્યાપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા
ધન: કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.
મકર: ધીરજ રાખવી હિતાવહ, નાણાંકીય લાભ થાય.
કુંભ: યાત્રા-પ્રવાસમાં લાભ થાય. મહેનતનું ફળ મેળવી શકશો.
મીન: મિલન-મુલાકાતમાં સફળતા, પુરુષાર્થનું ફળ મળે.

ગુજરાતના વિકાસ મોડલના પાયામાં સુશાસન

# વહીવટમાં પારદર્શિતા, ઝડપ અને સરળીકરણ લાવવામાં સામાન્ય વહીવટ વિભાગની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ : મંત્રી ઋષિકેશ પટેલ

## નાગરિકલક્ષી સેવાઓ ઓનલાઈન અને આંગળીના ટેરવે ઉપલબ્ધ બને તે માટે વિવિધ સરકારી સેવાઓને ઓનલાઈન કરાઈ

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૫

મંત્રી ઋષિકેશ પટેલે સામાન્ય વહીવટ વિભાગની અંદાજપત્રીય માંગણીની ચર્ચામાં સહભાગી થતાં જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસ મોડલના પાયામાં સુશાસન રહેલું છે.

વહીવટમાં પારદર્શિતા, ઝડપ અને સરળીકરણ લાવવા સામાન્ય વહીવટ વિભાગ સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કર્મયોગીઓને તાલીમબધ્ધ કરી લોકાભિમુખ વહીવટ માટે તૈયાર કરવા અને પ્રોએક્ટિવ સરકારની વિભાવનાને સાકાર કરવી એ જ આ વિભાગનો ધ્યેય છે. ગુડ ગવર્નન્સ અને ઇ-ગવર્નન્સના ધ્યેયને સિધ્ધ કરવાની દિશામાં ગુજરાત સરકારે ડગ માંડ્યા છે.

મંત્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, નાગરિકલક્ષી સેવાઓ ઓનલાઈન અને આંગળીના ટેરવે ઉપલબ્ધ બને તે માટે વિવિધ સરકારી સેવાઓને ઓનલાઈન કરવામાં આવી છે. ઇ-ગવર્નન્સના ઉપયોગથી પ્રશાસનમાં ટોચથી લઈને પાયાના સ્તર સુધી પારદર્શિતા લાવવા અને સરળીકરણ કરવા રાજ્ય સરકાર હંમેશાથી કાર્યરત છે. રાજ્યની વહીવટી કાર્યપધ્ધતિમાં ઇ-ગવર્નન્સના ભાગરૂપે વહીવટી વિભાગોથી શરૂ કરીને તાલુકા કક્ષાની કચેરીઓ સુધી વ્યાપ ધરાવતું ઇ-સરકારનું સુદ્રઢ માળખું ઊભું કરવામાં આવ્યું છે.

ઇ-ગવર્નન્સના ક્ષેત્રે વૈશ્વિક કક્ષાએ ઉપલબ્ધ તકોના મહત્તમ ઉપયોગ દ્વારા રાજ્ય વહીવટને આધુનિક સ્વરૂપ આપવા અને કર્મયોગીઓની ક્ષમતાને સુદ્રઢ કરવા માટે આઇ.ટી. એનેબલ્ડ H.R.નું આયોજન કરાયું છે. માનવ સંશાધન વ્યવસ્થાપન પદ્ધતિ ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓની સેવાપોથી અને સેવાકીય/વહીવટી બાબતો જેમ કે રજા, રજા પ્રવાસ રાહત, વાર્ષિક મિલકત પત્રક, વાર્ષિક કામગીરી મુલ્યાંકન અહેવાલ વિગેરેને ઓનલાઈન એપ્લિકેશનના માધ્યમથી પૂરી પાડવા માટે સરકાર દ્વારા જુલાઈ-૨૦૧૫થી સાથી એપ્લિકેશન કાર્યરત કરાઈ છે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

મંત્રીએ કહ્યું હતું કે, પ્રથમ HRMS Projectની ટેકિનકલ મર્યાદાઓ અને યોજનાનો વ્યાપ વધારવા માટે તા. ૨૫ ડિસેમ્બરથી રાષ્ટ્રીય સુશાસન દિન નિમિતે ગુજરાત રાજયમાં ઈ-સુશાસનના ભાગરૂપે ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટેના કર્મયોગી એપ્લિકેશનનું અનાવરણ કરવામાં આવ્યું છે. વધુમાં, મુખ્યમંત્રી કાર્યાલયમાં અમલી C.M. Dashboardને SATHI Application સાથે સાંકળવામાં આવેલ છે.

તેમણે ઉમેર્યું કે, દેશના અન્ય રાજ્યોના જે શહેરોમાં ગુજરાતીઓની સંખ્યા વધુ હોય ત્યાં બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢીને ગુજરાતની સંસ્કૃતિથી માહિતગાર કરવા, બિન-નિવાસી ગુજરાતીઓને પોતાના મૂળ સાથે જોડાયેલા રાખવા તથા સરકારની/પ્રતિષ્ઠાનની પ્રવૃતિઓનો પ્રચાર-પ્રસાર કરવા, ગુજરાતી યુવા ધનનો ડેટાબેઝ તૈયાર કરવા વિગેરે જેવા હેતુઓ સાથે સદાકાળ ગુજરાત કાર્યક્રમ યોજવામાં આવે છે. આગામી રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ રાજ્ય ખાતે સદાકાળ ગુજરાત યોજાનાર છે.

મંત્રી પટેલે ગુજરાત સરકારને બિરદાવતા કહ્યું કે, સુદાનમાં ઓપરેશન કાવેરી અને ઈઝરાઈલ અને પેલેસ્ટાઈનના યુદ્ધમાં ઓપરેશન અજય થકી ગુજરાત સરકારે ભારત સરકારના સંકલનમાં રહી અનેક ગુજરાતીઓને સુરક્ષિત રીતે વતન પરત લાવવાની નેક કામગીરી કરી હતી, જે ખૂબ જ સરહનાને પાત્ર છે.

તેમણે કહ્યું કે, એસ્પીરેશનલ ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામમાં મળેલા સારા પરિણામોને આધારે આ પ્રોગ્રામને તાલુકા કક્ષા સુધી લઈ જવા માટે એસ્પીરેશનલ તાલુકા પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. જે પૈકી ગુજરાત રાજ્યના જુદી જુદી ભૌગોલિક પરિસ્થિતી ધરાવતા ૧૦ જિલ્લાઓના કુકરમુંડા, નિઝર, લખપત, રાપર, કવાંટ, નસવાડી, થરાદ, સાયલા, સુબીર, ઘોઘંબા, સાંતલપુર, નાંદોદ અને ગરબાડા એમ કુલ ૧૩ તાલુકાઓ પસંદ કરાયા છે.

વિશિષ્ટ દર્શન માટે રોજ ૧૦૦ પાસ આપવામાં આવશે

# રામલલ્લાના દર્શન માટે ઓફલાઈન અને ઓનલાઈન બનશે પાસ

## મંદિરમાં દર્શન કરવા માટે જે છ પાળી નક્કી કરવામાં આવી

અયોધ્યા, તા.૧૫

પ્રભુ શ્રી રામના દર્શન કરવા માટે રોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ અયોધ્યા પહોંચી રહ્યા છે. દેશ વિદેશથી રોજ ભક્તો શ્રીરામના દર્શન કરવા માટે રામ મંદિર ખાતે ઉમટી રહ્યા છે. અયોધ્યા દર્શન માટે આવતા ભક્તોનો ધસારો જોઈને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દર્શન માટે ટાઈમ ટેબલ તૈયાર કરી અને પાસની વ્યવસ્થા શરુ કરવા પર વિચાર કરી રહ્યું છે. મંદિરમાં દર્શનને લઈને સમય નક્કી કરવાની પણ યોજના છે જેથી દર્શન કરવા આવેલા દરેક ભક્તોને ભગવાનના દર્શન સારી રીતે થાય. ટ્રસ્ટ દ્વારા દર્શનના સમયને છ પાળીમાં વિભાજીત કરવાની વિચારણા ચાલી રહી છે. સાથે જ ભકતો માટે ખાસ દર્શનના ઓનલાઈન અને ઓફલાઈન પાસની વ્યવસ્થા પર પણ વિચારણા ચાલી રહી છે. મંદિર ટ્રસ્ટ યોજના બનાવી રહ્યું છે કે ભક્તોને સામાન્ય દર્શન ઉપરાંત સુગમ દર્શન માટે પાસ આપવામાં આવે. મંદિરમાં દર્શન કરવા માટે જે છ પાળી નક્કી કરવામાં આવી છે તેમાં વિશિષ્ટ દર્શન માટે રોજ ૧૦૦ પાસ આપવામાં આવશે. એટલે કે રોજના ૬૦૦ પાસ વિશિષ્ટ દર્શન માટેના હશે. હાલ આ વિશિષ્ટ દર્શનના પાસ ઓફલાઈન કાઉન્ટરમાંથી જ લેવા પડશે પરંતુ સોફ્ટવેર તૈયાર થઈ ગયા પછી વિશિષ્ટ દર્શનના પાસ ઓનલાઈન પણ મળશે.

સુગમ દર્શન માટે પાસ કોઈપણ વ્યક્તિ બનાવડાવી શકે છે. પ્રત્યેક પાળીમાં સુગમ દર્શનના વધુમાં વધુ ૩૦૦ આપવામાં આવશે. આ ઉપરાંત જેની પાસે પાસ હશે તેવા ભક્તોને મંદિરમાં પ્રવેશ કરવા માટે અલગ લાઈન બનાવવાનો પણ વિચાર ચાલી રહ્યો છે. આ વ્યવસ્થાથી ઓછા સમયમાં વધારે ભક્તો દર્શનનો લાભ લઈ શકશે.

દર્શન માટેની છ પાળીનો સમય

રામલાના દર્શન માટે સવારથી રાત સુધીમાં છ પાળી બનાવવાની યોજના ચાલી રહી છે. જે નીચે દર્શાવ્યા અનુસાર હશે.

સવારે ૭થી ૯ કલાક

સવારે ૯ કલાકથી ૧૧ વાગ્યા સુધી

બપોરે ૧ વાગ્યાથી ૩ વાગ્યા સુધી

બપોરે ૩ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી

સાંજના ૫થી ૭ કલાક સુધી

સાંજના ૭ કલાકથી રાત્રે ૯ વાગ્યા સુધી.

આગામી સમયમાં ૧.૩૦ લાખ થી વધુ જગ્યાઓ ભરવાની દરખાસ્ત

# વર્ષ ૨૦૨૪માં કુલ ૨૧૦૮૪ જગ્યાઓ પર ભરતીનું આયોજન

## વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ સુધીના ભરતી કેલેન્ડર બનાવવાની પ્રકિયા હાલ ચાલુ છે

ગાંધીનગર, તા.૧૫

આ ઉપરાંત વર્ષ ૨૦૨૪થી ૨૦૩૩ સુધીના ભરતી કેલેન્ડર બનાવવાની પ્રકિયા હાલ ચાલુ છે જેમાં આગામી સમયમાં ૧.૩૦ લાખ થી વધુ જગ્યાઓ ભરવાની દરખાસ્ત GADને મળી છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલી ભરતી વિશે માહિતી આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગોની કુલ ૩૫,૦૩૮ જગ્યાઓ પર ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવી છે. જેમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ માટે ૩૭૮૦ ઉમેદવારો, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા વર્ગ-૩ની જગ્યાઓ માટે ૬,૪૦૮, પોલીસ ભરતી બોર્ડ ધ્વારા વર્ગ-૩ની જગ્યાઓ માટે ૧૨,૧૪૫, પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ૧૨,૭૦૫ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષ ૨૦૨૪માં કુલ ૨૧,૦૮૪ જગ્યાઓ ભરવા માટે પણ વિવિધ ભરતી બોર્ડ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૭,૪૫૯ જગ્યાઓ, પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૧૨,૦૦૦, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૧,૬૨૫ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

મંત્રીએ વધુમાં ઉમેર્યુ હતુ કે, કેન્દ્ર સરકારના ઓકટોબર-૨૦૨૩માં પ્રસિધ્ધ થયેલ આંકડા પ્રમાણે દેશમાં હાલ બેરોજગારીનો દર ૩.૨ ટકા છે. જેની સામે ગુજરાતમાં બેરોજગારીનો દર માત્ર ૧.૭ટકા છે.

ડિસેમ્બર-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩,૧૦,૫૯૦ બે વર્ષમાં ૫,૮૫,૩૯૦ અને છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૪,૪૩,૭૯૦ લોકોને રોજગારી આપવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતુ.

આગામી દિવસોમાં ઈલેક્ટ્રીક ટ્રેન દોડાવવામાં આવશે

# હિંમતનગર-અસારવા બ્રોડગેજ રેલવે લાઈન ઈલેક્ટ્રીફીકેશન કાર્ય અંતિમ તબક્કામા

આ દરમ્યાન ઈલેક્ટ્રીફીકેશનની કામગીરીનું ઈન્સ્પેક્શન હાથ ધરાયું હતું રેલવે ઉચ્ચ અધિકારીઓ આ માટે બુધવારે હિમતનગર પહોંચ્યા હતા

અમદાવાદ, તા.૧૫

હિંમતનગરથી અમદાવાદના અસારવા વચ્ચેના બ્રોડગેજ રેલવે ટ્રેકનું ઈલેક્ટ્રીફીકેશન કરાયું છે. હવે આ રુટ પર આગામી દિવસોમાં ઈલેક્ટ્રીક ટ્રેન દોડાવવામાં આવશે. આ દરમિયાન ઈલેક્ટ્રીફીકેશનની કામગીરીનું ઈન્સ્પેકશન હાથ ધરાયું હતું. રેલવે ઉચ્ચ અધિકારીઓ આ માટે બુધવારે હિમતનગર પહોંચ્યા હતા.હવે હિંમતનગર અમદાવાદ બ્રોડગેજ રેલવે લાઈન પર વીજળીથી ચાલતી ટ્રેન દોડતી જોવા મળશે. આ દિવસો હવે ખૂબ જ નજીક છે. બ્રોડગેજ લાઈન શરુ કરવામાં આવ્યા બાદ લોકોને ટ્રેનની ઝડપી સેવાનો લાભ મળ્યો હતો. હજુ પણ હિંમતનગર રુટ પર રેલવેની સુવિધાઓમાં વધારો થવા જઈ રહ્યો છે. આ માટે રેલવે ટ્રેકને ઈલેક્ટ્રીફીકેશનનું કામ હાથ ધરવામાં આવ્યુ છે.

આ કાર્ય હિંમતનગરથી અસારવા વચ્ચેના ટ્રેકમાં પૂરજોશથી હાથ ધરાયું છે.

જે હવે તેના અંતિમ તબક્કામાં છે. આવી જ રીતે ઉદયપુર અને હિંમતનગર વચ્ચે પણ વીજ લાઈન નાંખવામાં આવી રહી છે. આમ ઉદયપુરથી અમદાવાદ વાયા હિંમતનગર વીજ ટ્રેન દોડવાનું સપનું પુરુ થશે. આ માટે બુધવારે રેલવેના અધિકારીઓએ હિંમતનગર થી અસારવા રુટ પર ચાલી રહેલ વીજ લાઈનની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતુ.

વેસ્ટર્ન રેલવેના ચીફ ઈલેક્ટ્રીકલ એન્જિનિયર અને સિનિયર સેક્શન એન્જિનિયર સહિતના અધિકારીઓ હિંમતનગર પહોંચ્યા હતા. જેઓએ વીજ લાઈનના કાર્યનું નિરીક્ષણ કર્યુ હતુ. ટ્રેક પર મોટા ભાગનું કાર્ય પુર્ણ થયું છે અને જેને લઈ હવે આખરી તબક્કામાં રહેલી કામગીરીનું નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યુ હતુ.

ભાવિકોમાં શોકની લહેર

# બગદાણા બજરંગદાસ બાપાના અનન્ય સેવક મનજીદાદાનું નિધન

## તેમના અંતિમ દર્શન માટે સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરના ભાવિકો બગદાણા ખાતે પહોંચી રહ્યા છે

બગદાણા, તા.૧૫

સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ તિર્થધામ બગદાણાના બાપા સિતારામ ગુરૂ આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી અને બજરંગદાસ બાપાના અનન્ય સેવક મનજીદાદાનું આજે (બુધવાર) સવારે નિધન થયું છે. મનજીદાદાના નિધનથી ભાવિકોમાં શોકની લાગણી પ્રવર્તી જવા પામી છે. તેમના અંતિમ દર્શન માટે સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરના ભાવિકો બગદાણા ખાતે પહોંચી રહ્યા છે. તેમના દીકરા જનક કાછડિયા દ્વારા જણાવાયું છે કે, મનજીદાદા આજ રોજ (તા.૧૪-૦૨-૨૦૨૪) પરમશકિત પરમાત્મામાં વિલીન થઈ ગુરુચરણ પામેલ છે.

પૂજ્ય મનજીદાદાના પાર્થિવ દેહના અંતિમ દર્શન બગદાણામાં આજે સાંજે ૪:૦૦ કલાકથી આવતીકાલ (૧૫-૦૨-૨૦૨૪) બપોરે ૩:૦૦ કલાક સુધી રાખેલ છે. ત્યારબાદ પૂજ્ય દાદાની અંતિમ યાત્રા બગદાણામાં આવતીકાલે બપોરે ૩:૦૦ કલાકે નીકળશે.

પૂજ્ય મનજીદાદા સંત શિરોમણી પરમ પૂજ્ય બજરંગદાસ બાપાના અનન્ય સેવક હતા. બાપા સિતારામના પરલોક ગમન બાદ તેઓની સ્મૃતિમાં મનજીદાદાએ બગદાણામાં ગુરૂ આશ્રમની સ્થાપના કરી હતી. જે હાલ માત્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં એક પવિત્ર તિર્થધામ બની ગયું છે. બગદાણાના ગુરૂ આશ્રમ ખાતે દરરોજ હજારોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે. અહીં કોઈપણ નાત-જાતના ભેદભાવ વિના ભાવિકોને ભોજન સ્વરૂપે પ્રસાદ પીરસવામાં આવે છે. અહીંના સ્વયં સેવકોની વ્યવસ્થાની નોંધ સર્વત્ર લેવામાં આવી રહી છે.

મહત્વનું છે કે, મનજીદાદાના નિધન થયાના સમાચાર સમગ્ર રાજય અને દેશ-વિદેશમાં વાયુવેગે ફેલાઈ ગયા હતા. મનજીદાદાના પાર્થિવ દેહના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં શિષ્યો, અનુયાયીઓ બગદાણા ખાતે પહોંચી રહ્યા છે.

# સાબરકાંઠાથી મોટી સંખ્યામાં ભક્તો અયોધ્યા જવા રવાના

## આ પ્રસંગે જિલ્લાના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને યાત્રીઓને શુભેચ્છાઓ આપીને વિદાય આપી હતી

સાબરકાંઠા, તા.૧૫

અયોધ્યા રામ મંદિર દર્શન કરવા માટે ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ભક્તો રવાના થયા છે. અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો રવાના થયા છે. હિંમતનગરથી રવાના થયેલા ભક્તોને જિલ્લાના અગ્રણીઓએ હરખભેર અયોધ્યા યાત્રા માટે વિદાય આપી હતી. જે ભક્તો મહેસાણા થઈને અયોધ્યા જવા માટે રવાના કરવામાં આવ્યા છે. અયોધ્યા યાત્રા માટે મોટી સંખ્યા ભક્તો ઉત્તર ગુજરાતમાંથી રવાના કરવામાં આવ્યા છે. ભક્તોની મોટી સંખ્યા સાબરકાંઠા જિલ્લામાંથી રેલવે માર્ગે રવાના થયા છે. સાબરકાંઠા જિલ્લાના અયોધ્યા યાત્રીઓને હિંમતનગરથી રવાના કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લાના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને યાત્રીઓને શુભેચ્છાઓ આપીને વિદાય આપી હતી.યાત્રીઓની બસને હિંમતનગરથી એસટી બસ મારફતે મહેસાણા રવાના કરવામાં આવ્યા હતા. જ્યાંથી યાત્રીઓને મહેસાણા રેલવે સ્ટેશનથી અયોધ્યા રવાના કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાતમાંથી ૧૩૪૦ જેટલા યાત્રીઓ અયોધ્યા જવા માટે એક સાથે રવાના થયા છે. જેમાંથી સાબરકાંઠામાંથી ૬૯ યાત્રીઓ રવાના છે.

# લોકસભાની ચૂંટણી પહેલાં ઈલેક્ટ્રોલ બોન્ડ્સના 'વેચાણની શક્યતા' : શું સુપ્રિમ કોર્ટ તાકીદે ચુકાદો આપશે ?

નવી દિલ્હી તા.૧૫

ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ, ૨૦૧૮ની કલમ ૮ હેઠળ જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબરમાં ૧૦ દિવસ માટે અને સામાન્ય ચૂંટણીના વર્ષમાં વધારાના ૩૦ દિવસ માટે બોન્ડ જારી કરી શકાય છે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીને હવે માત્ર મહિનાઓ જ બાકી છે. આ યોજનાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી હોવા છતાં સરકાર આ બોન્ડ જારી કરવાનો ૩૦ દિવસનો સમયગાળો ફરી શરૂ કરી શકે છે. ૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ SCની સુનાવણી પૂર્ણ થઈ અને ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે. ૨ નવેમ્બર, ૨૦૨૩ના તેના આદેશમાં SCએ ભારતના ચૂંટણી પંચ (ECI)ને નિર્દેશ આપ્યો કે, ચૂંટણી પંચ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી અપ-ટુ-ડેટ ડેટા રજૂ કરે. વચગાળાના નિર્દેશો ૧૨ એપ્રિલ, ૨૦૧૯ના રોજ જારી કરવામાં આવ્યા હતા. આ કવાયત્ ૧૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ અથવા તે પહેલાં હાથ ધરવામાં આવશે. સીલબંધ પેકેટમાંનો ડેટા આ કોર્ટના રજિસ્ટ્રારને સોંપવામાં આવશે. પારદર્શિતા કાર્યકર્તા કોમોડોર લોકેશ બત્રાએ ૧૨ એપ્રિલ, ૨૦૧૯ના SCના આદેશ પછી પણ આવી જ RTI વિનંતી કરી હતી અને તેમને ૧૦૫ રાજકીય પક્ષોની યાદી સહિત સંપૂર્ણ ફાઈલ દસ્તાવેજો પૂરા પાડવામાં આવ્યા હતા જેમાં સીલબંધ ઈલેક્ટોરલ બોન્ડની વિગતો આપવામાં આવી હતી.

કોમોડોર બત્રાએ ઉલ્લેખ કર્યો કે, હાલની ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ મુજબ, દરેક ઈલેક્ટોરલ બોન્ડ (EB)એ પ્રોમિસરી નોટ છે તેથી SBI પાસે ઈમ્જ ખરીદદારો/દાતાઓની વિગતો તેમના KYC મુજબ હશે. ૨૦૧૯ની જેમ કોમોડોર બત્રાએ ૩ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ચૂંટણી પંચના પત્રના અનુપાલનમાં સીલબંધ કવરમાં ECIને EB વિગતો સબમિટ કરનાર 'રાજકીય પક્ષોની સૂચિ' માંગી હતી. તેમના જવાબમાં ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ચૂંટણી પંચના જાહેર માહિતી અધિકારી બિનોદકુમારે આરટીઆઈ કાયદાની કલમ-૮(૧)(બી) હેઠળ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો. કોમોડોર બત્રાએ માહિતીના આ અસ્વીકાર સામે અપીલ દાખલ કરી અને એવી દલીલ કરી કે સુપ્રીમ કોર્ટે માહિતીના પ્રકાશન ઉપર પ્રતિબંધ મૂક્યો નથી. કોમોડોર બત્રાએ ધ્યાન દોર્યું હતું કે, પીઆઈઓ પણ માહિતીને નકારવા માટેનું કારણ આપવામાં નિષ્ફળ ગયા હતા. કોમોડોર બત્રાએ નોંધ્યું કે SC આરક્ષિત ચુકાદાના બે દિવસ પછી ૪ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સરકારે ૬-૨૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી ૧૫ દિવસના ચૂંટણી બોન્ડના વેચાણની જાહેરાત કરી. ચૂંટણી બોન્ડનું વેચાણ ૧૦ દિવસ માટે ફરીથી કરવામાં આવ્યું. જો કે, સર્વોચ્ચ અદાલતે ECIને ૧૨ એપ્રિલ, ૨૦૧૯ના રોજ જારી કરાયેલા વચગાળાના નિર્દેશોના સંદર્ભમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી અપ-ટૂ-ડેટ ડેટા રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.




પરંતુ એ નોંધનીય છે કે, બોન્ડ્સ ૪૫ના સમયગાળા માટે વેચાઈ ચૂક્યા છે. ચૂંટણી બોન્ડ યોજના ઘણા કારણોસર સમસ્યારૂપ છે, જેમાં સત્તામાં રહેલા પક્ષને અનુચિત લાભ મળે તેવી સંભાવના છે. વેચવામાં આવેલા મોટાભાગના બોન્ડ્સ પ્રત્યેક રૂા.૧ કરોડના મૂલ્યના છે. આ બોન્ડ્સ ચૂંટણી ભંડોળનો મુખ્ય સ્ત્રોત બની રહ્યા છે અને સરેરાશ ભારતીયને બદલે ધનિક અથવા કોર્પોરેટ દ્વારા ખરીદવામાં આવી રહ્યા છે. માત્ર ૦.૦૦૦૧% બોન્ડ રૂા.૧૦૦૦ના મૂલ્યના હતા. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં પાંચ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જવાબ આપ્યો કે અત્યાર સુધી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી રૂા.૧૬,૫૧૮ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદવામાં આવ્યા છે. સરકારે એસબીઆઈને કમિશન તરીકે રૂા.૮.૫૭ કરોડ ચૂકવ્યા હતા અને સિક્યોરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડને રૂા.૧.૯૦ કરોડ મળ્યા હતા. બોન્ડ ઉપર ૧૮% GST વસૂલવામાં આવે છે, પરંતુ સરકાર દ્વારા SBIને વળતર આપવામાં આવે છે આનો અર્થ એ છે કે, આ નાણાકીય બોજ ભારતીય નાગરિક ઉપર આવે છે. ઈલેક્ટોરલ બોન્ડ યોજના કાયદામાં સુધારા કરવામાં આવ્યા હતા. ફર્મ્સને હવે તે જાહેર કરવાની જરૂર નથી કે તેઓ કયા પક્ષમાં યોગદાન આપી રહ્યા છે; રાજકીય પક્ષો દ્વારા ભંડોળ એકત્ર કરવામાં પારદર્શિતા જરૂરી છે. ભારતીય કંપનીઓમાં બહુમતી હિસ્સો ધરાવતી વિદેશી કંપનીઓ પાસેથી આ દાન મેળવી શકાય છે અને ભારતીય નીતિઓને વિદેશી કંપનીઓ પ્રભાવિત કરી શકે છે. જો સુપ્રીમ કોર્ટ આ બાબતમાં તાકીદ સાથે ચુકાદો નહીં આપે તો કેન્દ્ર સામાન્ય ચૂંટણી ૨૦૨૪ પહેલા જુદા-જુદા તબક્કામાં આ બોન્ડ ૩૦-દિવસ સુધી વેચાણ કરવાના બીજા રાઉન્ડની જાહેરાત કરી શકે છે.

# જામીન અરજીઓનો બે સપ્તાહમાં અને આગોતરા જામીન અરજીઓનો છ સપ્તાહમાં નિકાલ લાવવા હાઈકોર્ટે તમામ કોર્ટોને આદેશ કર્યો

અમદાવાદ, તા.૧૫

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો જારી કરીને હાઈકોર્ટ તેમજ તાબાની રાજયની અદાલતોના ન્યાયાધીશોને આરોપીઓ દ્વારા દાખલ કરાયેલી જામીન અરજીઓ અને આગોતરા જામીન અરજીઓનો અનુક્રમે બે અઠવાડિયા અને છ અઠવાડિયામાં નિર્ણય લેવાનો આદેશ આપ્યો છે. તેનો અર્થ એ છે કે ખાસ જોગવાઈઓની અને કેટલીક દરમ્યાનગીરીની અરજીઓ દાખલ કર્યા સિવાય HC અને અન્ય અદાલતો દ્વારા જામીન અરજીનો નિર્ણય શક્ય તેટલી ઝડપથી ઉપરોક્ત સમય મર્યાદામાં કરવામાં આવશે. આમ, હાઈકોર્ટે જામીન અરજીઓમાં લાંબી મુદતો રાખવાની પ્રથાને દૂર કરતો ચુકાદો આપ્યો. મુખ્ય ન્યાયમૂર્તિ સુનીતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ અનિરૂદ્ધ માયીની ખંડપીઠેર જણાવ્યું હતું કે જામીન અરજી દાખલ કર્યા પછી પાંચથી છ અઠવાડિયા પછી નિયમ નિસી જારી કરવો એ કાયદા અને સતેન્દ્ર કુમાર અંતિલના કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાની વિરૂદ્ધ છે. બેન્ચે રજિસ્ટ્રારર જનરલને ચુકાદાની નકલ તમામ અદાલતોને પાલન માટે મોકલવા જણાવ્યું હતું. બેન્ચ ભાવેશ બલદેવભાઈ દેસાઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી જેમાં એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે હાઈકોર્ટ અને અન્ય કોર્ટ જામીન અરજીની સુનાવણી કેટલાક અઠવાડિયા પછી મુલત્વી રાખે છે. આવી પ્રથા કેદીઓના વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. ત્યારપછી CJએ આ મામલો વહીવટી બાજુએ ઉઠાવ્યો હતો અને આ પ્રથા દૂર કરવા સૂચના આપી હતી. આવી પ્રથાને નાબૂદ કરવા માટે CJ, એડવોકેટ



જનરલ અને તત્કાલીન સરકારી વકીલ વચ્ચે પણ બેઠક યોજવામાં આવી હતી. ખંડપીઠે HC સમક્ષ જામીન અરજીની પેન્ડન્સી દરમ્યાન ચાર્જશીટ દાખલ કર્યા પછી આરોપી અરજદારને નીચલી અદાલતમાં પાછા મોકલવા અંગેનો બીજો મુદ્દો પણ ઉકેલ્યો હતો. ખંડપીઠે જણાવ્યું હતું કે કાયદા મુજબ જામીન અરજીની સુનાવણી માટે હાઈકોર્ટ અને સેશન્સ કોર્ટને એક સાથે અધિકારક્ષેત્ર છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે સરકારી વકીલો માટે તે દલીલ કરવા માટે સ્વતંત્ર નથી કે જ્યારે આરોપીની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવે ત્યારે જામીન મેળવવા માટે અરજી નીચલી કોર્ટમાં મોકલવી જોઈએ. ચીફ જસ્ટીસ સ્પષ્ટ કર્યું કે નીચલી કોર્ટમાં જવું કે હાઈકોર્ટમાં સુનાવણી ચાલું રાખવી તે આરોપીની પસંદગી ઉપર આધાર છે. કોર્ટે જામીન અને આગોતરા જામીન અરજીઓ સાંભળવા માટે ન્યાયાધીશની મનસુફી છે તે બાબત ઉપર પણ કેટલાક અવલોકનો કર્યા હતા.

## આ સિસ્ટમ આગામી એપ્રિલથી લાગુ થવાની શક્યતા

# FASTagનો જમાનો ગયો, હવે GPSના આધારે ટોલ ઉઘરાવાશે

**GPS દ્વારા વાહનોને ટ્રેક કરવામાં આવશે અને તેના આધારે ટોલ ભરવો પડશે : ટોલ ટેક્સની ચોરી મુશ્કેલ બનશે**

નવી દિલ્હી, તા.૧૫

ભારતમાં હાઈવે ઉપર ટોલ ભરતી વખતે હજુ પણ લાંબી લાઈનોમાંથી છૂટકારો નથી મળ્યો. કેશની જગ્યાએ હવે વાહનો ઉપર FASTagના સ્ટીકર આવી ગયા હોવા છતાં ટોલ નાકા ઉપર પહેલાની જેમ જ ભીડ જોવા મળે છે. જો કે, સરકાર હવે આ સિસ્ટમમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. ભારતમાં ટૂંક સમયમાં GPSના આધારે ટોલ ટેક્સ વસૂલવામાં આવશે. એટલે કે GPS દ્વારા વાહનોને ટ્રેક કરવામાં આવશે અને તેના આધારે ટોલ ભરવો પડશે. આ સિસ્ટમ આગામી એપ્રિલ મહિનાથી જ લાગુ થવાની શક્યતા છે. એક્સપર્ટ્સના કહેવા પ્રમાણે GPS આધારિત ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમમાં નંબર પ્લેટને ઓટોમેટિક ઓળખી લેતી ANPR સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં સ્થિતિ એવી છે કે, હાઈવે ઉપર થોડા થોડા અંતરે ટોલ નાકા આવેલા છે અને તેમાંથી પસાર થતી વખતે વાહનચાલકોનો ઘણો સમય બગડે છે તથા મુસાફરીનો મૂડ ખરાબ થઈ જાય છે. હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે, ફાસ્ટેગ ઉપરાંત હવે GPS આધારિ ટેક્સ કલેક્શન સિસ્ટમ આવી રહી છે. એપ્રિલ મહિનાથી જ નવી સિસ્ટમ લાગુ થવાની શક્યતા છે. શરૂઆતમાં GPS આધારિત સિસ્ટમ એક પાઈલટ પ્રોજેક્ટની જેમ હશે અને ફાસ્ટેગની સાથે કામ કરશે. તેનાથી દરેક ટોલ નાકા ઉપર વાહનોની ભીડ ઘટશે તેવી આશા છે. આ ઉપરાંત નેશનલ હાઈવે ઓથોરિટીની આવકમાં પણ મોટો વધારો થવાનો છે. હાલમાં નેશનલ હાઈવે ઓથોરિટી વર્ષના ૪૦,૦૦૦ કરોડની કમાણી કરે છે. આગામી બેથી ત્રણ વર્ષમાં આ કમાણી વધીને ૧.૪૦ લાખ કરોડે પહોંચી જાય તેવી શક્યતા છે. FASTag લાવવામાં આવ્યા પછી પણ ટોલ નાકા ઉપર વેઈટિંગ ટાઈમ તો રહે જ છે. જો કે, અગાઉ કરતા હવે વેઈટ પિરિયડ ઘટી ગયો છે. ૨૦૧૮-૧૯માં ટોલ પ્લાઝા ઉપર વાહનનો એવરેજ વેઈટિંગ ટાઈમ ૮ મિનિટનો હતો. ત્યાર પછી ૨૦૨૦-૨૧માં ફાસ્ટેગ આવી ગયા પછી વેઈટ ટાઈમ ઘટીને ૪૭ સેકન્ડ થયો હોવાનો દાવો કરવામાં આવે છે. જો કે, હજુ પણ ઘણી જગ્યાએ FASTagનો ઉપયોગ કરવા છતાં વાહનોની લાંબી લાઈન જોવા મળે છે. ૨૦૨૧માં તમામ વાહનો માટે




FASTag ફરજિયાત બની ગયા છે. ફાસ્ટેગ વગર કોઈ ટોલબૂથમાંથી પસાર થાય તો તેમણે ડબલ ટોલ ભરવો પડે છે. GPS આધારિત ટોલ કલેક્શન સિસ્ટમમાં હાઈવે ઉપર કેમેરા ગોઠવવામાં આવશે અને વાહને જે અંતર કાપ્યું હશે તેના આધારે નંબર પ્લેટને સ્કેન કરીને ટોલ વસૂલવામાં આવશે. હાલમાં FASTag દ્વારા ટોલ પ્લાઝા ઉપર RFID આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ છે. GPS આધારિત સિસ્ટમમાં તમે વાહન ચલાવતા હોવ ત્યારે તમારી મુવમેન્ટ ઉપર નજર રાખવામાં આવશે, તમારી એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ જાણવામાં આવશે અને તે પ્રમાણે ટોલ વસૂલવામાં આવશે. તેમાં તમે કેટલા ટોલ પ્લાઝામાંથી પસાર થયા છો તેની ગણતરી કરીને ટોલ કાપવામાં આવશે. તેથી દરેક બૂથ ઉપર ફિક્સ્ડ ટોલની પદ્ધતિ બંધ થશે અને ઓછું વાહન ચલાવનાર ઉપર ઓછો ટોલ ટેક્સ લાગશે. આ ઉપરાંત તેનાથી FASTagમાં બેલેન્સ ભરવાની કડાકૂટ નહીં રહે ડ્રાઈવરે પોતાની સાથે કેશ પણ રાખવી નહીં પડે. ટોલની ફી સિક્યોર ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને બેંક ખાતામાંથી સીધી ઉપાડવામાં આવશે.

# વિશ્વના શક્તિશાળી દેશોની યાદીમાં અમેરિકાએ ભારતને કોઈ સ્થાન જ ના આપ્યું, જાપાન કરતાં સાઉથ કોરિયા આગળ

નવી દિલ્હી તા.૧૫

ભારત ભલે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા હોય અને સૈન્યની દૃષ્ટિએ વિશ્વનો ચોથો સૌથી શક્તિશાળી દેશ હોઈ શકે, પરંતુ એકંદર પાવર રેક્રિંગમાં એક અમેરિકન સંસ્થાએ ભારતને ટોપ-૧૦માં પણ સામેલ નથી કર્યું, જેના પછી સવાલો ઊઠી રહ્યા છે. શું તમે વિચારી શકો છો કે આ રેન્કિંગ સાચું છે કે, ભારતને અપમાનિત કરવાનું કાવતરૂં ? યુએસ ન્યૂઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટ અનુસાર, ભારત વૈશ્વિક રેન્કિંગમાં ઈઝરાયેલ, યુનાઈટેડ અરબ અમીરાત, સઉદી અરેબિયા, જાપાન, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, યુનાઈટેડ કિંગડમ, જર્મની, રશિયા, ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ પછી ૧૨માં ક્રમે છે. ઘણા લોકોને ભારતની આ રેન્કિંગ ખૂબ જ આશ્ચર્યજનક લાગી શકે છે, કારણ કે સૂચિમાં ભારતને સંયુક્ત અરબ અમીરાત અને સઉદી અરેબિયા અથવા બીજા શબ્દોમાં કહીએ તો, ઈન્ડો-પેસિફિકમાં શક્તિના સંદર્ભમાં જાપાન અને દક્ષિણ કોરિયાથી પાછળ રાખવામાં આવ્યું છે. ભારતને ઈન્ડો-પેસિફિકમાં સૌથી મોટો ખેલાડી માનવામાં આવે છે. પરંતુ તેમ છતાં અમેરિકન સંસ્થાના વૈશ્વિક અહેવાલમાં, ભારતને એશિયાની અન્ય શક્તિઓથી પાછળ રાખવામાં આવ્યું છે. યુએસ ન્યૂઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટે ભારતને ૧૦૦માંથી ૪૬.૩ સ્કોર આપ્યો છે અને સૂચવ્યું છે કે ભારતમાં IT સેક્ટર, બિઝનેસ આઉટસોર્સિંગ સેવાઓ, સોફ્ટવેર લેબરમાં મોટી સંભાવના છે. તે જ સમયે ભારતે "હેરિટેજ" અને "કલ્ચરલ ઈમ્પેક્ટ" વિભાગમાં મહત્તમ ગુણ મેળવ્યા છે. યુએસ રિપોર્ટમાં ભારતને ઐતિહાસિક સ્થાપત્યનો ખજાનો ગણાવ્યો છે અને તાજમહેલ, હુમાયુનો મકબરો, કોણાર્ક સૂર્ય મંદિર અને અન્ય વિશાળ મંદિર સંકુલને યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે અને એવું કહેવામાં આવ્યું છે કે, સ્મારકોએ આધુનિક ભારતમાં સાંસ્કૃતિક યોગદાનનો તેમનો યોગ્ય હિસ્સો બનાવ્યો છે. મુંબઈ સ્થિત ફિલ્મ ઉદ્યોગ, જેને બોલિવૂડનું હુલામણું નામ આપવામાં આવ્યું છે, તે વિશ્વના અન્ય કોઈપણ રાષ્ટ્ર કરતાં વધુ ફીચર-લેન્થ ફિલ્મો બનાવે છે. દેશમાં ૧૯૮૦ થી ત્રણ બુકર પુરસ્કાર વિજેતા લેખકો છે, જેમાં સલમાન રશ્દીનો સમાવેશ થાય છે, અને વિશ્વ વિખ્યાત વર્ચ્યુસોસ, રવિ શંકર અને અલી અકબર ખાન પણ ઉભરી આવ્યા છે. ભારતની વિશાળ વસ્તી અને તેની નીચી માથાદીઠ આવકે ભારતના એકંદર રેન્કિંગ ઉપર પ્રતિકૂળ અસર કરી હોવાનું દેખાય છે. ભારત એક વિશાળ, કુશળ કાર્યબળ સાથે ઝડપથી વિકસતું, વૈવિધ્યસભર અર્થતંત્ર ધરાવે છે. પરંતુ તેની વસ્તીને કારણે, તે આવક અને માથાદીઠ કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના આધારે વિશ્વના સૌથી ગરીબ દેશોમાંનો એક પણ છે.

# સ્પાઈસ જેટમાં નાણાકીય સંકટ, હજારો કર્મચારીઓ ઉપર છટણીની તલવાર

નવી દિલ્હી, તા.૧૫


મોંઘવારી અને રોજગારીના સંકટ વચ્ચે દુનિયાભરમાં છટણીનો દોર પણ ચાલુ છે ત્યારે ભારતમાં પણ હવે છટણીનો માહોલ ચાલુ થયો છે. તાજેતરમાં ભારતની બજેટ એરલાઈન સ્પાઈસજેટે હજારો કર્મચારીઓની નોકરીઓ ઉપર કાતર ફેરવવાનો નિર્ણય કર્યો છે. કંપની નાણાકીય સંકટનો સામનો કરી રહી છે. સ્પાઈસ જેટના જણાવ્યાનુસાર કંપનીએ કોસ્ટ કટિંગના ભાગરૂપે છટણી કરવાનો નિર્ણય લીધો છે. અહેવાલ અનુસાર સ્પાઈસજેટ ૧૪૦૦ કર્મચારીઓની છૂટાં કરવાની તૈયારીમાં છે જે ટોટલ વર્કફોર્સના આશરે ૧૫ ટકા જેટલાં થાય છે. હાલ કંપનીના કુલ કર્મચારીઓની સંખ્યા ૯ હજારની આસપાસ છે. કંપની પાસે હાલમાં ૩૦ વિમાનનો કાફલો છે જેમાં ૮ લીઝ ઉપર લીધેલા છે. અહેવાલ અનુસાર એરલાઈન્સ દ્વારા છટણીના આ અહેવાલોની પુષ્ટી પણ કરાઈ હતી. કંપની ઉપર રોકાણકારોનો વિશ્વાસ જાળવી રાખવા માટે ખર્ચ ઘટાડવા દબાણ વધી રહ્યું છે. કંપનીના તમામ કર્મચારીઓનું સેલરી બિલ રૂા.૬૦ કરોડ થઈ ગયું છે. એવામાં કંપની ખર્ચ ઘટાડવા દરેક સંભવ પ્રયાસ કરવા મજબૂર છે. આ છટણી પણ તેનો જ એક ભાગ છે.

# ચીનની કંપનીઓ ભારતમાં પ્લાન્ટ નાખતા ગભરાય છે

બેઈજિંગ, તા.૧૫

ચાઈનીઝ સ્માર્ટફોન નિર્માતા કંપનીઓ પાસેથી મળતી જાણકારી મુજબ તેના સપ્લાયર્સને ભારતમાં કામગીરી શરૂ કરવામાં મુશ્કેલીઓ પડે છે. તેમજર ભારતમાં ચીની કંપનીઓની તપાસ કરવામાં આવતી હોવાથી આ ચાઈનીઝ કંપનીઓ ભારતમાં પ્લાન્ટ સ્થાપવાથી ડરે છે. એક રિપોર્ટ અનુસાર ચીની કંપની દ્વારા ભારતને એક પત્ર લખવામાં આવ્યો હતો જેમાં કંપનીએ જણાવ્યું હતું કે ભારતમાં સરકાર દ્વારા ચાઈનીઝ કંપનીઓની તપાસ થતી હોવાના કારણે સ્માર્ટફોન કમ્પોનન્ટ સપ્લાયર્સ ભારતમાં કામગીરી શરૂ કરતા અચકાય છે. માર્કેટ શેરની દ્રષ્ટિએ ઝિયોમી ભારતની સૌથી મોટી સ્માર્ટફોન કંપની છે. જે ભારતની માર્કેટમાં ૧૮ ટકા હિસ્સો ધરાવે છે. કંપની ભારતમાં જ તેના સ્માર્ટફોન એસેમ્બલ કરે છે, જેમાં અમુક સ્પેરપાર્ટ્સ ચીનથી આયાત કરે છે તો અમુક ભારતમાં બનેલા કમ્પોનન્ટનો ઉપયોગ કરે છે. આથી ભારત સરકારે આ ચાઈનીઝ કંપનીને દેશમાં કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે શું પગલાં લેવા જોઈએ એ બાબતે પત્ર લખ્યો હતો. જેના જવાબમાં કંપનીએ ભારતમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા તેમજ અમુક પસંદ કરેલ સ્માર્ટફોનના કમ્પોનન્ટની આયાત ઉપર ટેરિફ ઘટાડવા કહ્યું હતું. વર્ષ ૨૦૨૦ના ભારત અને ચીન વચ્ચે હિંસક સીમા વિવાદ બાદ ભારત સરકારે ચીની કંપનીઓ સામે કડક કાર્યવાહી કરી છે.

# રાજ્યની ૮૩૦૦ જેટલી એસટી બસોમાં જીપીએસ ડીવાઈસ ઈન્સ્ટોલ કરાઈ




ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા બદલાતા સમયની સાથે ટેકનોલોજીની મદદથી મુસાફરોને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે અને તેમની મુસાફરીને સરળ અને સુલભ બનાવવા માટે હંમેશાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. એવો જ એક નિર્ણય નિગમે તાજેતરમાં અમલમાં મૂક્યો છે, જે મુજબ નિગમની એસટી બસોમાં ઈન્ટિગ્રેટેડ વ્હીકલ ટ્રેકિંગ અને પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ (જીપીએસ) ઈન્સ્ટોલ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટના કારણે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમને તથા મુસાફરોને ખૂબ જ ફાયદાઓ મળી રહ્યા છે. તેના થકી નિગમને તમામ બસોનું રિયલ ટાઈમ મોનિટરીંગ મળી રહે છે, જેના કારણે તેઓ બસોની વ્યવસ્થા અને સંચાલન ખૂબ જ સુઆયોજિત રીતે કરી શકે છે. આઈ.વી.ટી. એપ્લિકેશન દ્વારા મુસાફરો અને બસોની સલામતીની ખરાઈ અને વ્યવસ્થા કરી શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫ સુધી નિગમને સંચાલનની રોજીંદી કામગીરી અને અસરકારકતા વધારવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જેવી કે સમગ્ર ફલીટનું ટ્રેકિંગ અને મોનિટરીંગ, શિડ્યૂલના સંચાલનનું નિરીક્ષણ, અવારનવાર અમુક વિસ્તારોમાં બસ ન પહોંચવાની કે બંધ થવાની ફરિયાદો, અનિયંત્રિત ડ્રાઈવિંગ વર્તન, સંચાલનનું સર્વગ્રાહી મૂલ્યાંકન, મુસાફરોને બસ અને રૂટની ઉપલબ્ધતાની વાસ્તવિક સમયની વિગતો ન મળવી વગેરે જેવી મુશ્કેલીઓનું સચોટ નિરાકરણ લાવી શકાતું ન હતું. ઉપરોક્ત મુશ્કેલીઓ દૂર કરવાના હેતુથી ઈન્ટિગ્રેટેડ વ્હીકલ ટ્રેકિંગ અને પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ (જીપીએસ) પ્રસ્થાપિત કરવામાં આવી. જેના પ્રથમ તબક્કામાં ૨૪૦૦ બસોમાં, બીજા તબક્કામાં ૨૬૦૦ બસોમાં અને ત્રીજા તબક્કામાં બાકી રહેલ અંદાજીત ૩૩૦૦ બસોમાં જીપીએસ ડીવાઈસ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા હતા. આ સાથે પ્રથમ તબક્કામાં ૫૯૧ પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ અલગ અલગ ૧૦૦ બસ સ્ટેશનો ઉપર ઈન્સ્ટોલ કરવામાં આવી હતી. ૧૬ ડિવિઝનલ કમાન્ડ કંટ્રોલ સેન્ટર તથા સેન્ટ્રલ ઓફિસમાં ૧ સેન્ટ્રલ કમાન્ડ કંટ્રોલ સ્ટેશનની પણ સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે અત્યાધુનિક અને ખૂબ જ એડવાન્સ એવી ઈન્ટિગ્રેટેડ વ્હીકલ ટ્રેકિંગ એપ્લીકેશનનું ડેવલપમેન્ટ કરવામાં આવ્યું. જેમાં જ્યોગ્રાફિકલ ઈન્ફર્મેસન સિસ્ટમ (GIS) જેવી અત્યાધુનિક ટેક્નોલોજીને ઈન્ટીગ્રેટેડ કરવામાં આવી છે. આ આઈ.વી.ટી એપ્લીકેશન જી.પી.એસ.ના લાઈવ અને રિયલ ટાઈમ ડેટાને ફક્ત અમુક મિલિસેકન્ડમાં પોતાના સર્વર ઉપર મેળવી તુરંત આ ડેટાને પ્રોસેસ કરી પી.આઈ.એસ, આઈ.વી.ટી. એપ્લિકેશન અને મોબાઈલ એપ્લિકેશનમાં વિવિધ રિપોર્ટમાં મોકલી આપે છે. આ એપ્લિકેશન દ્વારા અનઓથોરાઈઝ હોલ્ડ, બીજા કોઈ રૂટ ઉપરથી મુસાફરી, ઓવર સ્પીડીંગ અને અમુક ટ્રીપોનું ડેપો કે કર્મચારીઓ દ્વારા સંચાલન ના કરવું વગેરે જેવી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય છે. આમાં જૂની મુસાફરીઓના ડેટાનું એનાલિસિસ કરી વિવિધ પ્રકારના નિર્ણયો લઈ ટ્રાફિકની સમસ્યાઓ નિવારી શકાય છે અને પ્રોડક્ટિવિટી વધારી શકાય છે.

# અદાણી ગ્રીને દુનિયાના સૌથી વિરાટ રીન્યુએબલ એનર્જી પાર્કમાંથી વીજ ઉત્પાદન શરૂ કર્યું

## કચ્છના ખાવડા ખાતે ૫૫૧ મેગાવોટની ક્ષમતા કાર્યાન્વિત કરી નેશનલ ગ્રીડને પુરવઠો આપવાનો આરંભ કર્યો





અમદાવાદ તા.૧૫

ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અને વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી સોલાર પીવી વિકાસકાર અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL)એ ગુજરાતના ખાવડામાં ૫૫૧ મેગાવોટની સૌર ક્ષમતા કાર્યરત કરી નેશનલ ગ્રીડને વીજ પુરવઠો પૂરો પાડવાનો આરંભ કર્યો છે.

ખાવડામાં રીન્યુએબલ એનર્જી પાર્કમાં કામ શરૂ કર્યાના એક વર્ષમાં જ અદાણી ગ્રીને રસ્તાઓ અને કનેક્ટિવિટી સહિતની પાયાની માળખાકીય સુવિધાઓના વિકાસ સાથે અને સ્વ-ટકાઉ સામાજિક ઈકોસિસ્ટમ બનાવવાની શરૂઆત કરી આ સીમાચિહ્ન હાંસલ કર્યું છે, કંપનીએ કચ્છના રણના પડકારજનક અને વેરાન પ્રદેશને પણ પોતાના ૮,૦૦૦- મજબુત કર્મચારીઓ માટે રહેવા યોગ્ય વાતાવરણમાં પરિવર્તિત કર્યું છે.

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, "અદાણી ગ્રીન એનર્જી સૌર અને પવન માટે વિશ્વની સૌથી વ્યાપક રિન્યુએબલ એનર્જી ઈકોસિસ્ટમ બનાવી રહી છે." ખાવડામાં રીન્યુએબલ એનર્જી પ્લાન્ટ જેવા બોલ્ડ અને નવીન પ્રકલ્પો મારફત અદાણી ગ્રીન એનર્જી ઉચ્ચ વૈશ્વિક બેન્ચમાર્ક પ્રસ્થાપિત કરવા તરફ આગળ વધી રહી છે અને ગીગા-સ્કેલ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે વિશ્વના આયોજન અને અમલીકરણના પ્રસ્થાપિત ધોરણોને ફરી દોહરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે આ સિમાચિહ્ન ચાલુ દશકાના અંત સુધીમાં રિન્યુએબલ એનર્જીની ક્ષમતાના ૫૦૦ GW અને કાર્બન ન્યુટ્રાલિટીના મહત્વાકાંક્ષી લક્ષ્યો હાંસલ કરવા તરફની ભારતની સમાન સ્વચ્છ ઉર્જા સંક્રમણ યાત્રાને વેગ આપવા માટે અદાણી સમૂહની પ્રતિબદ્ધતા અને ચાવીરૂપ ભૂમિકાને માન્ય કરે છે.

આ રીન્યુએબલ એનર્જી પાર્કમાં ૩૦ GW રીન્યુએબલ એનર્જી પેદા કરવાની ક્ષમતા વિકસાવવાનો અદાણી ગ્રીન એનર્જીનો ઈરાદો છે. આગામી પાંચ વર્ષમાં નિર્ધારીત ક્ષમતા કાર્યરત થવાની અપેક્ષા છે. આ લક્ષ્ય જ્યારે સંપન્ન થશે ત્યારે ખાવડાનો રીન્યુએબલ એનર્જી પાર્ક વિશ્વનું સૌથી વિરાટ રિન્યુએબલ એનર્જી ઈન્સ્ટોલેશન બનીને ઉભરી આવશે.

ખાવડાનો આ રીન્યુએબલ એનર્જી પાર્ક દર વર્ષે એક કરોડ સાંઈઠ લાખથી વધુ આવાસોમાં પ્રકાશના અજવાળા પાથરશે. વિશાળ પાયા ઉપર રીન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટ્સ, પુરવઠાની મજબૂત સાંકળનું નેટવર્ક અને તકનીકી કૌશલ્ય વિકસાવવામાં માહેર પુરવાર થયેલી અદાણી ગ્રીન એનર્જી લિ.એ વિશ્વના સ્વચ્છ ઉર્જા ક્ષેત્રમાં વિશાળ ક્ષમતાના પ્લાન્ટનું નિર્માણ કરવાના વિક્રમ સ્થાપિત કરવાની લગોલગ કોઈ નથી. આ સ્થિતિ વચ્ચે અદાણી ગ્રીન વિશ્વમાં અવ્વલ નંબરનું શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ પ્રદેશ દેશના શ્રેષ્ઠ પવન અને સૌર સંસાધનોથી સમૃધ્ધ છે, જે રીન્યુએબલ એનર્જીના ગીગા-સ્કેલ વિકાસ માટે આદર્શ સ્થિતિ બનાવે છે.

અદાણી ગ્રીનએ પ્લાન્ટના વિકાસને વેગ આપવા માટે વ્યાપક અભ્યાસ હાથ ધરીને બહુવિધ નવીન ઉકેલોનો ઉપયોગ કર્યો છે. દરમ્યાનમાં તે સ્વદેશી અને ટકાઉ પુરવઠાની કડીના વિકાસને બળવત્તાર બનાવે છે.

### સાથી હાથ બઢાના...

# જૂનાગઢમાં જરૂરીયાતમંદ પરિવારને સહાય અને મદદ કરવા અનુરોધ

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢમાં રહેતા એક પરિવારના મુખ્ય વ્યક્તિનું નિધન થતાં આ પરિવાર હાલ કફોડી સ્થિતીમાં મુકાયેલ છે. દરમ્યાન જૂનાગઢનાં અગ્રણી શશીકાંતભાઈ દવેએ આ પરિવારને સહાય અને મદદ કરવા માટે નગરશ્રેષ્ઠી, સંતો અને સંસ્થાઓને અનુરોધ કરતા આ પરિવારની આપવીતી જણાવી છે. જે અનુસાર જૂનાગઢમાં ડ્રાઈવર તરીકે જીવનનિર્વાહ કરતા મહેશભાઈનું કેન્સરની બિમારીમાં ભરયુવાનીમાં નિધન થયું છે અને તેના શોકમય પરિવાર ઉપર ન કલ્પી શકાય તેવી આફત આવી પડી છે.

મહેશભાઈ જૂનાગઢના જાણીતા સી.એ. જે.બી. માંકડને ત્યાં ડ્રાઈવર તરીકે કામ કરી તથા વધારામાં જલારામ સોસાયટીમાં આવેલા વસુંધરા ફલેટસ તથા વિધી ફલેટ્સ ધારકોની ગાડી સાફ કરીને ગુજરાન ચલાવતા હતા. મહેશભાઈનું અવસાન થતાં તેમના નોધારા બનેલા પરિવારની સર્વ પ્રકારની સેવામાં જે.બી. માંકડ (પ્રમુખ સિનીયર સિટીઝન મંડળ) તથા ડો. ડોબરીયા (બાળકોના ડોકટર) તેમજ વસુંધરા તથા વિધી ફલેટ્સમાં રહેતા લોકો મદદમાં આવ્યા છે.

આ પરિવારની આપવિતી જોઈને એવી પરિસ્થિતીમાં નગરના શ્રેષ્ઠીઓને વિનંતી કરતા તાત્કાલીક જ વિજયાબેન ચુનીભાઈ લોઢીયા જે સંસ્થામાં હોદેદાર છે ત્યાંથી પોતાના તરફથી અંગત રીતે આ કુટુંબને પ્રતિ માસ અનાજ અને બીજી ચીજવસ્તુ મળતી રહે તેવી વ્યવસ્થા કરી આપી છે જે પ્રશંસનીય છે.

આ ઉપરાંત લાભશંકર નરભેરામ દવે પરિવાર હસ્તે શશીકાંત દવે તરફથી આ કુટુંબને યથાયોગ્ય મદદ મોકલી છે. તેમજ જે.બી. માંકડ પરિવાર તો આ કુટુંબને પોતાનો પારિવારીક હિસ્સો હોય તેમ ખડેપગે ઉભેલ છે. મહેશભાઈના પરિવારમાં તેમના વિધવા પત્ની અને ૭ થી ૧૨ વર્ષની ત્રણ પુત્રીઓ છે. આ પરિવારને બીજું કોઈ આવકનું સાધન નથી. જેથી નગરશ્રેષ્ઠીઓ તેમજ સમાજ શ્રેષ્ઠીઓ અને માનવ ધર્મના જીવનું રક્ષણ કરતા વંદનીય સંતો-મહંતોને પણ આ કુટુંબને યથાયોગ્ય સહાયતા મોકલવા વિનંતી કરેલ છે. સ્વર્ગસ્થના વિધવા પત્ની મીનાબેન મહેશભાઈ કરાણીયાનું સરનામું દાણાપીઠ બજાર, હેઠાણ ફળીયા, હવેલીની બાજુમાં, વિઠ્ઠલેશ કોમ્પ્લેક્ષ, બ્લોક નં.૩૦૧, મો.૮૧૬૦૪-૩૦૧૬૭ છે. આ પરિવારને શકય તેટલી સહાય કરવા અંતમાં શશીકાંતભાઈ દવેએ અનુરોધ કરેલ છે.

# વેરાવળમાં કોંગ્રેસ પક્ષની વિચારધારાના પ્રચાર-પ્રસાર માટે સૌરાષ્ટ્ર ઝોનના યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓની તાલીમ શિબિર યોજાઈ

## ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૫

ગુજરાત યુથ કોંગ્રેસ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના વડા મથક વેરાવળ ખાતે કોંગ્રેસ પક્ષની વિચારધારાના પ્રચાર અને પ્રસાર માટે સૌરાષ્ટ્ર ઝોનની એક તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારો સહિત બહોળી સંખ્યામાં સૌરાષ્ટ્રભરમાંથી કોંગી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

લોકસભા ચૂંટણીના ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસ પક્ષ પણ આગામી લોકસભાની ચૂંટણીમાં મજબૂતાઈ સાથે લડી લેવાના મૂડમાં વર્તાઈ રહ્યો છે. આ માટે કોંગ્રેસ પક્ષના યુવા પાંખના કાર્યકર્તાઓ જાણે મેદાને પડ્યા હોય તેમ જુદી જુદી કક્ષાએ બેઠકોનો દોર શરૂ થયો છે.

જેમાં વેરાવળ ખાતે ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ માટે મહત્વપૂર્ણ એક દિવસીય તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, ઉપપ્રમુખ અભય જોટવા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કરશન બારડ, પૂર્વ પ્રમુખ મનસુખ ગોહેલ, હીરાભાઈ રામ સહિતના કોંગ્રેસના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જૂનાગઢ લોકસભા સહિત સૌરાષ્ટ્રના તમામ જિલ્લાના પ્રમુખ ઉપપ્રમુખ મહામંત્રી સહિતના જવાબદાર હોદ્દેદારો ઉપરાંત મહિલા કોંગ્રેસના કાર્યકર્તાઓ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ એક દિવસીય તાલીમ શિબિરનો શુભારંભ રાષ્ટ્રધ્વજની વંદના અને રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યો હતો.

શિબિરમાં કોંગ્રેસની વિચારધારાના પ્રચાર પ્રસાર તેમજ આગામી લોકસભા ચૂંટણીમાં સતાધારી ભાજપના પ્રજા વિરોધી વલણને છેવાડાના લોકો સુધી પહોંચાડવા મજબૂત રીતે કોંગ્રેસને ફરી બેઠી કરવા માટે માર્ગદર્શન આપી આહવાન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસનો ભવ્ય ઈતિહાસ અને વિચારધારાનું પ્રશિક્ષણ આપવાની સાથે લોકસભા ચૂંટણી માટેનો એક્શન પ્લાન પણ ઘડવામાં આવ્યો હતો. આ શિબિરને સફળ બનાવવા માટે જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ રાકેશ ચુડાસમા સહિત કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

# પુલવામા હુમલાની વરસી પર વડાપ્રધાન મોદીએ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી

નવી દિલ્હી તા.૧૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે (૧૪ ફેબ્રુઆરી) પુલવામા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, 'હું પુલવામામાં શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલિ આપું છું. દેશ માટે તેમની સેવા અને બલિદાન હંમેશા યાદ રહેશે. બુધવારે જમ્મુ-કાશમીરના પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. પુલવામા આતંકવાદી હુમલો ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ થયો હતો. આ ભારત પરના સૌથી ભયાનક આતંકવાદી હુમલાઓમાંથી એક માનવામાં આવે છે. આ કાળા દિવસે, આતંકવાદીઓએ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના કાફલાને ૨૦૦ કિલો વિસ્ફોટકોથી ભરેલા વાહન સાથે નિશાન બનાવ્યું હતું. આતંકી હુમલામાં CRPFના ૪૦ જવાનો શહીદ થયા હતા, જ્યારે ૩૫ ઘાયલ થયા હતા. ઝઈૈંહ્લના કાફલામાં ૭૮ વાહનો હતા, જેમાં ૨૫૦૦થી વધુ જવાનો મુસાફરી કરી રહ્યા હતા. વડાપ્રધાન મોદીની જેમ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પુલવામાના શહીદોને યાદ કર્યા છે. રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, પુલવામા આતંકવાદી હુમલાના બહાદુર શહીદોને સેંકડો સલામ અને નમ્ર શ્રદ્ધાંજલિ. ભારતની રક્ષા માટે સમર્પિત તેમના સર્વોચ્ચ બલિદાન માટે દેશ હંમેશા તેમનો ઋણી રહેશે. પુલવામામાં આતંકવાદી હુમલો પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદે કર્યો હતો. આ આતંકી સંગઠનનો વડા મસૂદ અઝહર છે.

ભારતે પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાનો બે અઠવાડિયાથી ઓછા સમયમાં જવાબ આપ્યો. ભારતીય વાયુસેનાના જવાનોએ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદી સંગઠનના ઠેકાણાઓને નષ્ટ કરી દીધા હતા. આ પછી પાકિસ્તાન સેનાએ પણ જવાબી કાર્યવાહીમાં પોતાના ફાઈટર પ્લેન મોકલ્યા હતા. આ આતંકવાદી હુમલાને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ખાસ્સી બગડી ગયા હતા.

# ગીર સોમનાથ જિલ્લામાં તા.૯ માર્ચના રોજ તમામ અદાલતોમાં નેશનલ લોક અદાલત યોજાશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૫

નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી, ન્યુ દિલ્હીના આદેશ અનુસાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તા.૯ માર્ચના રોજ ગીર-સોમનાથ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ગીર-સોમનાથ જિલ્લામાં પક્ષકારો વચ્ચે સમાધાનથી કેસો પુરા થાય તે માટે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ-૧૩૮ના કેસ, સમાધાન લાયક ફોજદારી કેસો, દિવાની દાવાઓ, બેંક લેણાના કેસ, વાહન અકસ્માતના કલેઈમના કેસ, લેબર કેસ, વીજ બીલ, પાણી બીલ, સર્વિસ મેટર, રેવન્યુ મેટર, લગ્ન સંબંધી તકરારોના કેસ, જમીન સંપાદનને લગતા કેસ મુકી શકાશે. જે પક્ષકારો કેસ મુકવા માંગતા હોય તેઓએ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ડિસ્ટીકટ કોર્ટ, વેરાવળ અથવા ગીર સોમનાથ જિલ્લાની તાલુકા કોર્ટોમાં આવેલ તાલુકાના કાનુની સેવા સમિતીનો સંપર્ક કરવો એમ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગીર-સોમનાથના અધ્યક્ષ એમ.એમ. પટેલ તથા સેક્રેટરી કે.જી.પટેલની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પાકિસ્તાનમાં યોજાયેલી ચૂંટણી બાદ બલૂચિસ્તાનમાં વિરોધ પ્રદર્શન શરૂ



બલૂચિસ્તાન તા.૧૫

પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી બાદ બલૂચિસ્તાનમાં વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા છે. પાકિસ્તાનના એક પોસ્ટના અહેવાલ મુજબ, કેટલાક રાજકીય પક્ષોની તરફેણમાં ચૂંટણીમાં ગોલમાલના આરોપો લાગ્યા છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) અને પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ (PML-N) બલૂચિસ્તાનમાં વિજેતા તરીકે ઉભરી આવ્યા હતા, પરંતુ વિરોધીઓ દાવો કરે છે કે આ પક્ષોને સૈન્યનું સમર્થન હતું. ઘણા રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અને અખંડિતતા પર ચિંતા વ્યક્ત કરી છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં મતદારો ઓછા હતા અથવા મતદાન મથકો મર્યાદિત હતા.

તેના જવાબમાં બલૂચિસ્તાન નેશનલ પાર્ટી, નેશનલ પાર્ટી, પખ્તુનખ્વા મિલી અવામી પાર્ટી, હજારા ડેમોક્રેટિક પાર્ટી અને ધાર્મિક પાર્ટીઓએ વિરોધ શરૂ કર્યો છે. આમાં પ્રદર્શનો અને ધરણાં સાથે હાઈવે બ્લોક કરવાનો સમાવેશ થાય છે. શનિવારે, હજારો વિરોધીઓ ચૂંટણી પંચની કચેરીઓ બહાર એકઠા થયા, વિસ્તારના નોંધપાત્ર ભાગોને બંધ કરી દીધા. વિરોધ હવે ગ્વાદર, તુર્બત, ચાગી, દાલબંદીન, ઝિયારત, મુસ્લિમ બાગ અને લોરાઈ સહિતના અન્ય શહેરોમાં ફેલાઈ ગયો છે.

પાકિસ્તાનના ચૂંટણી પંચ (ECP) એ મત ગણતરી દરમિયાન ગોટાળાના આરોપોને નકારી કાઢ્યા છે, પરંતુ કેટલીક અનિયમિતતાઓને સ્વીકારી છે. ચૂંટણી પરિણામોનો વિરોધ કરી રહેલા પક્ષોએ ક્વેટામાં તાત્કાલીક બેઠક યોજી હતી, જ્યાં તેઓએ તેમની ફરિયાદો, પરિણામોને સ્વીકારવાનો ઈનકાર અને સંયુક્ત વિરોધ આંદોલન શરૂ કરવાની યોજના અંગે ચર્ચા કરી હતી.

તેમનો ઉદ્દેશ્ય નવા ચૂંટાયેલા ઉમેદવારોને બલૂચિસ્તાન એસેમ્બલીમાં પ્રવેશતા અટકાવવાનો અને બલૂચિસ્તાનની રાજકીય બાબતોમાં કથિત હસ્તક્ષેપ સામે જન ચળવળ શરૂ કરવાનો છે.

પાકિસ્તાનમાં ચૂંટણીને ૪ દિવસ વીતી ગયા છે, પરંતુ હજુ એ સ્પષ્ટ નથી થયું કે પાકિસ્તાનના આગામી વડાપ્રધાન કોણ બનશે? પાકિસ્તાન ફરી એકવાર પોતાના ઈતિહાસનું પુનરાવર્તન કરી રહ્યું છે. પાકિસ્તાન એક એવા ચોકઠા પર ઊભું છે જ્યાં લોકશાહીનું ફરી એકવાર ભંગ થઈ રહ્યું છે. દેખાવો થઈ રહ્યા છે. ધરપકડ કરવામાં આવી રહી છે અને ઠેર ઠેર વિરોધ જોવા મળી રહ્યો છે.

# ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ ખાતે વસંત પંચમી, સરસ્વતી પ્રાગટ્ય દિનની થયેલ ઉજવણી



જૂનાગઢ તા.૧૫

માણસોને ઉત્સવ પ્રિય લાગે છે. જેમ દિવાળીએ વેપારીઓ ચોપડા પુજન કરે છે. વિજયા દશમીએ શાસ્ત્રોનું પુજન કરવામાં આવે છે. તેવી જ રીતે વસંત પંચમીના દિવસે કલા અને સંગીતના સાધનોની પુજા કરવામાં આવે છે. વસંત પંચમીના શુભ દિને જ્ઞાન કલા સાધનની દેવીમાં સરસ્વતીના પ્રાગટ્ય દિને ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ જૂનાગઢ ખાતે તેનું પુજન ટ્રસ્ટીઓ, વિદ્યાર્થીઓ અને શાળાના તમામ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું અને વિદ્યાર્થીઓએ માતૃ-પિતૃ પુજન કરેલ હતું. આ તકે સંસ્થાના ટ્રસ્ટી જે.વી. બુટાણી તથા સ્ટાફ ગણ ઉપસ્થિત રહેલ હતા.

# પી.એમ મોદીની મુલાકાત પહેલા દ્વારકાને ચોખ્ખું ચણક બનાવવા તંત્ર ધંધે લાગ્યું






## રીલાયન્સ રોડ ઉપરના નવા ગોમતી ઘાટ નજીક રસ્તા ઉપરના નડતરરૂપ દબાણો હટાવવાનું શરૂ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૫

જયારે જયારે દ્વારકામાં વીઆઈપી આવે છે ત્યારે એજ સમયે તંત્ર દ્વારા દબાણ દુર કરવામાં આવતા હોય છે જયારે તહેવારો ઉત્સવો હોય ને ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા આવતા ભક્તો નું ધોડાપુર હોય છે ત્યારે તંત્ર દ્વારા દબાણ દુર કરવા કેમ નથી ? આવતાં ભગવાન દ્વારકાધીશ મંદિર દર્શન કરવા આવતા ભક્તો માં વૃધ્ધ અપંગ શસ્કત નાના ભૂલકાઓ ની તંત્ર એ ક્યારેય ચિંતા કરી છે મંદિર આસપાસ દબાણ કરનારાઓ ને તંત્ર દ્વારા અંદાજે ૮૦ જેટલી નોટિસ ફટકારી છે તો પછી નગરપાલિકા નું તંત્ર દબાણ દુર કરવા કોની લાજ કાઢે છે તે સવાલ દ્વારકા ની જનતામાં ટોક ઓફ ધ ટાઉન બની રહ્યો છે.

મંદિર આસપાસ અસય દબાણ કરનારાઓ મામા માસીના હોય ને તંત્ર મામા માસીના ઓનું ભોજન પ્રસાદ લેવાનું કરતા હોય? પછી તંત્ર દ્વારા દબાણ દુર કેમ કરાય દ્વારકામાં નવા ગોમતી ઘાટ રીલાયન્સ રોડ વિસ્તારમાં તંત્ર દ્વારા દબાણ દુર કરવા કવાયત હાથ ધરવામાં આવી રહી છે નવા ગોમતી ઘાટ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની હાથ ધરાઈ જેસીબી મશીનો ની મદદથી રોડ પરના દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ધણા સમયથી રસ્તાઓ પરના દબાણો વધતા ટ્રાફિક સમસ્યા વકરી રહી હોય તંત્ર દ્વારા ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું છે.

જયારે પણ વીઆઈપી ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા માટે આવે છે ત્યારે જ તંત્ર દ્વારા દબાણ દુર કરવામાં આવતા હોય છે ભગવાન દ્વારકાધીશ મંદિર માં તહેવારો ઉત્સવો આવે છે યાત્રિકો ધોડાપુર ની જેમ ઉમટે છે એ સમયે તંત્ર ઉંધ માં સુતું હોય છે

ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા આવતા ભક્તો અસય ભીડમાં હેરાન થતા હોય છે ત્યારે આજ રોડ રસ્તા પર અસંખ્ય દબાણો વચ્ચે યાત્રિકો પરેશાન થતાં હોય છે તંત્ર ને ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા આવતા ભક્તોની નથી પડી માત્ર વીઆઈપીની જ ચિંતા છે.

## દ્વારકા યાત્રાધામમાં સુદામા સેતુ પુર્નઃ શરૂ કરવા હોટલ એસોસિએશન દ્વારા ઉચ્ચસ્તરીય રજુઆત




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૫

યાત્રાધામ દ્વારકામાં આવેલ બેનમૂન આકર્ષણ સમા સુદામા સેતુને આશરે દોઢ વર્ષ પૂર્વે સુરક્ષા કારણોસર બંધ કરાયા બાદ હજુ સુધી યાત્રિકો માટે ખુલ્લો મુકાયો ન હોય, દ્વારકા હોટલ એસોસિએશન દ્વારા સુદામા સેતુને પુનઃ યાત્રિકો માટે શરૂ કરવા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજુઆત કરાઈ છે.ગત ઓકટોબર ૨૦૨૨ ની સાલમાં સુરક્ષા કારણોસર રીપેરીંગ કરવા સબબ બંધ કરાયેલ દ્વારકાના ગોમતી ઘાટ અને પંચનદ તીર્થને જોડતાં બેજોડ આકર્ષણ સમા સુદામા સેતુને આજદિન સુધી ખુલ્લો મૂકાયો ન હોય જેના કારણે યાત્રિકોને તીર્થક્ષેત્રમાં આ પ્રવાસન સ્થળનો લાભ આશરે દોઢ વર્ષથી મળતો નથી. સુદામા સેતુ બંધ રહેવાને કારણે પંચનદ તીર્થ પર આવેલા ધાર્મિક સ્થળો તેમજ પંચનદ તીર્થ પર આવેલ બેનમૂન બીચનો નઝારો મહદ?અંશે પ્રવાસીઓને મળતો નથી.

પાંચ પાંડવોની દ્વારકા મુલાકાત દરમ્યાનના સંસ્મરણો તેમજ પંચ ઋષિઓના દરિયાના ખારા પાણી વચ્ચે આવેલ મીઠા પાણીના કૂવાઓ જેવા પ્રવાસન સ્થળોની મુલાકાતથી દર્શનાર્થીઓ વંચિત રહી જાય છે.

હાલમાં દ્વારકામાં લગભગ બારેમાસ સિઝન જેવી સ્થિતિ હોય જન્માષ્ટમી, દિવાળી, હોળી, ફૂલડોલ, નાતાલ સહિતના તહેવારોમાં તો લાખો ટુરીસ્ટ આવતા હોય ત્યારે દ્વારકામાં કૃષ્ણ અને સુદામાના મીલન આધારિત થીમ પર બનાવાયેલ જગતમંદિર પછીના પ્રમુખ આકર્ષણો પૈકીના એક એવા સુદામા સેતુને પુનઃ શરૂ કરવાથી યાત્રિકોને તીર્થક્ષેત્રોની મુલાકાત બીચ વિઝીટમાં સરળતા રહે તેમ હોય તેમજ વર્ષે લાખોની આવક કરતા સુદામા સેતુને મરમ્મતની કામગીરી તુર્તમાં પૂર્ણ કરી યાત્રીકોને આ સુવિધા પુનઃ પ્રદાન કરાય તેવી લોક માંગ ઉઠવા પામી છે. દ્વારકા હોટલ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રી, પ્રવાસન મંત્રી સહિતનાઓને ઉકત રજુઆત કરી સુદામા સેતુને તાત્કાલીક પુનઃ યાત્રીકો માટે ખુલ્લો મૂકાય તે માટે માંગ કરવામાં આવી છે.

## પ્રાંચી તીર્થ ખાતે કોળી સમાજમાં રવિવારે નેત્ર નિદાન તથા હાડવૈદ્ય કેમ્પનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

પ્રાંચી તીર્થ તા.૧૫

પ્રાંચી તીર્થ ખાતે તા.૧૮/૨/૨૪ને રવિવાર ના રોજ શ્રી કોળી સમાજ ભવન પ્રાંચી તીર્થમાં શ્રી સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ નિદાન કેમ્પ તથા હાડવૈદ્ય કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં રણછોડદાસજી આંખની હોસ્પિટલ રાજકોટના સેવાભાવી ડોકટરો તથા સ્ટાફ પોતાનું યોગદાન આપશે . તથા હાડવૈદ્ય રવિરાજભાઈ તાલાળા વાળા આ વિનામુલ્યે સદગુરૂ નેત્રયજ્ઞમાં આંખના રોગોનું નિદાનકરી જરૂરીયાતવાળા મોતીયાના દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલની બસમાં લઈ જઈ અન્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ નેત્રમણી સાથે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે . આવનાર દરેક દર્દીઓને રહેવા , જમવા , શુધ્ધ ઘીનો શીરો , ચા પાણી – નાસ્તો, ચશ્માં , દવા, ટીપા મફત આપવામાં આવશે . આ ઉપરાંત ઓપરેશન થયા બાદ દર્દીઓને કેમ્પના સ્થળે પરત મુકવાની પણ વ્યવસ્થા હોસ્પિટલ તરફથી કરવામાં આવી છે આ કેમ્પમાં દર્દીઓને કોઈ પ્રકારની તકલીફ ન પડે તે માટે રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા બધા જ પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે . આ ઉપરાંત દરેક દર્દીને કોઈ બિમારી હોય તો પણ તેની તકેદારી રાખીને તેનું નિદાન કરવામાં આવનાર છે આ કેમ્પના આંખના દર્દીઓને બહોળી સંખ્યામાં લાભ લેવા પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાચી તીર્થ મો .૯૯૭૮૫ ૨૩૧૮૨ માં સંપર્ક કરવા દર્દીને અનુરોધ કરાયો છે.(તસ્વીર : જાદવ ચુડાસમા)




## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૫ તલાટી કમ મંત્રીઓની આંતરિક બદલી


(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવતા ૧૫ તલાટી કમ મંત્રીઓની આંતરિક બદલીના ઓર્ડરો કરવામાં આવ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની મહેકમ શાખાના જારી કરવામાં આવેલા આ ઓર્ડરોમાં સંજયભાઈ પાઠકને હર્ષદપુર-રામનગર, એ.બી. ગોસાઈને દાતા-કંચનપુર, સંજયભાઈ નંદાણીયાને ભાડથર, આર.બી. ખરાને લાલપરડા, પારુલ મકવાણાને માધુપુર-પીપળીયા, રક્ષાબેન જાનીને નંદાણા, કૌશિક ગોજીયાને ગઢકા, એલ.પી. ડેરને બેરાજા, જમનાબેન નંદાણીયાને જામ રોજીવાળા-સેવક દેવળીયા, મનોજ સિસોટીયાને કલ્યાણપુર, જશાઈબેન કરમુરને આં. દેવળિયા - પીર લાખાસર, સુમાત આંબલીયાને ચોખંડા - સુપેડી, નયનાબા વી. જાડેજાને સોઢા તરઘડી -કાઠી દેવળીયા, ભાવનાબેન મોઢને કેનેડી અને પ્રતાપ જાદવને ચાચલાણા - ગાંગડી ખાતે બદલવાનો ઓર્ડર નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેકમ) દ્વારા કરવામાં આવ્યો છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં ઉજવાયો વસંતોત્સવ




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૫

દ્વારકાધીશના જગત મંદિરમાં આજે વસંત પંચમી મહોત્સવ વિધિ -વિધાનથી શાસ્ત્રોક્ત પરંપરા અનુસાર ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવેલ આજથી વસંતઋતુની શરૂઆત થતી હોય પ્રકૃતિના ઉત્સવ ગણાતા વસંત પંચમી પર્વ શ્રીજીને શ્વેત વાધા પરિધાન કરાવવામાં આવેલ તથા મસ્તકે શ્વેત કુલેર મુકુટ તથા મોરપંખની ચંદ્રિકા સહિતના વિશેષ શૃંગાર કરાવવામાં આવેલ તેમજ શ્રીજીની સન્મુખ આંબાનું રોપણ કરવામાં આવેલ નિજમંદિરમાં હરિયાળી સજાવટ સાથે ઠાકોરજીને ધાણી, દાળિયા, ખજુર, દાળિયાના લાડુ,મગના લાડુ તથા તમામ પ્રકારનો સુકામેવાનો ભોગ અર્પણ કરવામાં આવેલ બપોરે બે કલાકે ઠાકોરજીને અબીલ ગુલાલના શુકન કર્યા બાદ થયેલી ઉત્સવ આરતીમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેલા.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લેબર કોર્ટનું સીટિંગ ફાળવવા રજૂઆત

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ મજુર કાયદા અંગેની લેબર કોર્ટ ન હોવાથી જિલ્લા માટે લેબર કોર્ટનું સીટીંગ મળી રહે તે માટે ગુજરાત સફાઈ કામદાર મહામંડળ દ્વારા સંબંધિત તંત્રને લેખિત રજૂઆતો કરવામાં આવી છે.

જામનગરમાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ થયે ૧૧ વર્ષ જેટલો સમય નીકળી ગયો છે. વર્ષ ૨૦૧૩માં રાજયમાં જુદા જુદા સાત અલગ જિલ્લાઓ અસ્તિત્વમાં આવ્યા છે. જેમાંથી મહદ અંશે તમામ જિલ્લાઓમાં લેબર કોર્ટ હાલ કાર્યરત બની ચૂકી છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં હાલ તમામ સરકારી જિલ્લા કક્ષાની સરકારી કચેરીઓ કાર્યરત થવા વચ્ચે એક પણ સ્થળે લેબર કોર્ટ કાર્યરત નથી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ અનેક ઉદ્યોગ-ધંધાઓ ધમધમી રહ્યા છે. સાથે સાથે અનેક સરકારી, અર્ધ સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમોમાં હજારો કર્મચારીઓ કામ કરી રહ્યા છે. પરંતુ આ વચ્ચે મજૂર વર્ગના અકસ્માત, ઈજા, અવસાન, વિગેરેના પ્રશ્નોના નિવારણ માટે લેબર કોર્ટ ન હોવાથી અહીં અરજદારો વિગેરેને વળતર મેળવવા સહિતના કિસ્સાઓમાં ન્યાય માટે જામનગરની લેબર કોર્ટ સુધી ધક્કા ખાવા પડે છે. જિલ્લામાં અસંખ્ય શ્રમયોગીઓને પોતાની દૈનિક કામગીરી છોડીને લેબર કોર્ટના નાના-મોટા કામકાજ અર્થે જામનગર સુધી લાંબા થવું પડે છે. જેના કારણે તેમને આર્થિક નુકસાની ભોગવવા સાથે વ્યાપક પરેશાનીનો સામનો કરવો પડે છે.

હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૦ થી ૩૫ ટકા કેસો જામનગર સ્થિત લેબર કોર્ટમાં ચાલી રહ્યા છે. આ બાબતને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ કામ ચલાઉ દરજ્જે પણ લેબર કોર્ટની સીટિંગની વ્યવસ્થા કરવામાં આવે તો જિલ્લાના મજૂર વર્ગને ઝડપી ન્યાય મળી શકે અને અરજદાર વિગેરેને જામનગર સુધીના આવવા-જવાના ધક્કામાંથી મુક્તિ મળી રહે.

ઉપરોક્ત મુદ્દે ગુજરાત સફાઈ કામદાર મહાસંઘના પ્રદેશ પ્રમુખ કસ્તુરભાઈ મકવાણા તથા પ્રદેશ મહામંત્રી રમેશભાઈ વાઘેલા દ્વારા અમદાવાદ સ્થિત ઔદ્યોગિક અદાલતના પ્રમુખ વિગેરેને લેખિત પત્ર પાઠવી, ઉપરોક્ત મુદ્દે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે માટે રજૂઆત કરવામાં આવી છે.

## કેએલ રાહુલ ત્રીજી ટેસ્ટમાંથી બહાર, તેના સ્થાને દેવદત્ત પડિકલને નિયુક્ત કરાયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૫

કેએલ રાહુલ, જેની બાકીની ત્રણ ટેસ્ટ માટે ઉપલબ્ધતા ફિટનેસને આધીન હતી, તે રાજકોટમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. શ્રી રાહુલ મેચ ફિટનેસના ૯૦ ટકા સુધી પહોંચી ગયો છે અને બીસીસીઆઈ મેડિકલ ટીમની દેખરેખ હેઠળ સારી રીતે પ્રગતિ કરી રહ્યો છે. તે ચોથી અને પાંચમી ટેસ્ટ માટે સંપૂર્ણ રીતે મેચ ફીટ થવા માટે બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી (એનસીએ) ખાતે તેની રિકવરી પ્રક્રિયા ચાલુ રાખશે.

પુરૂષોની પસંદગી સમિતિએ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪થી શરૂ થતી ત્રીજી ટેસ્ટ માટે કેએલ રાહુલના સ્થાને દેવદત્ત પડિકલનું નામ આપ્યું હતું.

ત્રીજી ટેસ્ટ માટે ભારતની અપડેટેડ ટીમ જોઈએ તો રોહિત શર્મા (C), જસપ્રિત બુમરાહ (VC), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, રજત પાટીદાર, સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ (WK), KS ભરત (WK), આર અશ્વિન, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વોશીંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, મોહંમદ સિરાજ, મુકેશ કુમાર, આકાશ દીપ, દેવદત્ત પડિકલનો સમાવેશ થાય છે.

### :: જાહેર સમન્સ ::

જૂનાગઢના નામદાર આઠમાંએડી. સિવિલ જજ સાહેબની કોર્ટમાં, જૂનાગઢ.

(શ્રીદિપક દત્તા સાહેબ)

રેગ્યુ. દિવાની મુ. નં.૩૯ ૫/૨૧

મુદત તારીખ-૨૮/૦૩/૨૪

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,
તે ધ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ, ૧૯૫૫ અન્વયે
રચાયેલી રાષ્ટ્રીયકૃત બેંક,
જેની સ્થાનીક મુખ્ય કચેરી ભદ અમદાવાદ મુકામે,
આવેલ છે તે જૂનાગઢ આર.એ.એસ.એમ.ઈ.સી.સી.ના
અધિકૃત અધિકારી મારફતે, ઠે. બહાઉદ્દીન કોલેજ સામે,
મેરીગોલ્ડ ૩, ત્રીજા માળે, કોલેજ રોડ જૂનાગઢ ........ વાદી

વિરૂદ્ધ

રોશની ઈલકટ્રોનીકસના માલિક,
શ્રી સુરેશભાઈ લક્ષ્મીદાસ સોલંકી (કંસારા),
રહે- (૧) ૨૧૫, શ્રીનાથજી એપાર્ટમેન્ટ, સરદારપરા મેઈન રોડ, જોષીપરા, જૂનાગઢ.
(૨) રોશની ઈલેકટ્રોનીકસ દુકાન, નં. ૧૧-૧૨-૧૩, જે.બી.ચેમ્બર, સાગર રેસ્ટોરન્ટ નીચે, જયશ્રી રોડ, જૂનાગઢ.
મો.ન. ૯૮૯૮૭૪૮૦૮૭............... પ્રતિવાદી

વાદીના વકીલશ્રી એમ.એમ.વડીયા

આથી ઉપર લખેલ પ્રતિવાદીને આ જાહેર સમન્સથી જાણ કરવામાં આવે છે કે, ઉપર લખ્યા વાદીએ તમો પ્રતિવાદીના લોન ખાતા નં. ૩૭૧૯૭૦૯૩૨૦૩માં બાકી નીકળતી રકમ રૂા.૭,૮૨,૯૦૮.૦૪ /- અંકે રૂપિયા સાત લાખ બ્યાસી હજાર નવસો આંઠ અને ચાર પૈસા પુરા/ - દાવાની તારીખથી વસુલ થત સુધી વાર્ષિક ૧૩ ટકા ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે આ કામના પ્રતિવાદીની તમામપ્રકારની જાત- મિલ્કત ઉપરથી એક આંકડે વસુલ કરવા હુકમનામુ કરી આપવા તથા અન્ય અપાવી શકાતી દાદ મેળવવા દાવો ઉપરોકત નંબરથી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. આ સામે તમોને વાંધો તકરાર હોય તો તમો એ વાંધો તકરાર રજુ કરવા માટે અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૦૩/૨૦૨૪ના સવારે ૧૧:૦૦ કલાકે જાતે અથવા તમારા વકીલ, કુલમુખત્યાર મારફત હાજર રહેવું. અન્યથા કાયદા નિર્દિષ્ટ આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ. ૧૪મી માહેઃ ફેબ્રુ. સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | તપાસનાર | હુકમથી |
|---|---|---|
| સહી : અવાચ્ય | સહી : અવાચ્ય | સહી : અવાચ્ય |
| (પી.વી.ચૌહાણ) | (એ.એ.કુલૈયા) | (એ.એસ.જોષી) |
| આસિસ્ટન્ટ | સુપ્રિ. | રજિસ્ટ્રાર મુખ્ય સિનીયર સિવિલ કોર્ટ, જૂનાગઢ |

રાઉન્ડ શીલ

### :: જાહેર સમન્સ ::

જૂનાગઢના નામદાર આઠમાંએડી. સિવિલ જજ સાહેબની કોર્ટમાં, જૂનાગઢ.

(શ્રીદિપક દત્તા સાહેબ)

રેગ્યુ. દિવાની મુ. નં.૩૯ ૫/૨૧

મુદત તારીખ-૨૮/૦૩/૨૪

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,
તે ધ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ, ૧૯૫૫ અન્વયે
રચાયેલી રાષ્ટ્ર્યકૃત બેંક,
જેની સ્થાનીક મુખ્ય કચેરી ભદ્ર અમદાવાદ મુકામે,
આવેલ છે તે જૂનાગઢ આર.એ.એસ.એમ.ઈ.સી.સી.ના
અધિકૃત અધિકારી મરફતે, ઠે. બહાઉદ્દીન કોલેજ સામે,
મેરીગોલ્ડ ૩, ત્રીજા માળે, કોલેજ રોડ જૂનાગઢ ........ વાદી

વિરૂદ્ધ

મે. ગાયત્રી પેપર પ્રોડકટસના માલીક,
શ્રી અક્ષયભાઈ ગોપાલભાઈ ઝાલા,
રહે-(૧) પ્લોટ નં. ૯૬-૯૭, દાસારામનગર,
માર્કેટિંગ યાર્ડ પાસે, દોલતપરા, જૂનાગઢ.
(૨) બ્લોક નં. ૯, સુકન રેસીડન્સી, ખામધ્રોળ ફાટક પાસે,
ખામધ્રોળ રોડ, જૂનાગઢ...... પ્રતિવાદી

વાદીના વકીલશ્રી એમ.એમ.વડીયા

આથી ઉપર લખેલ પ્રતિવાદીને આ જાહેર સમન્સથી જાણ કરવામાં આવે છે કે, ઉપર લખ્યા વાદીએ તમો પ્રતિવાદીના લોન ખાતા નં. ૩૮૧૯૫૧૭૪૪૪ તથા ૩૯૫૪૯૮૯૭૩૪૮ માં બાકી નીકળતી રકમ રૂા.૫,૫૪,૩૭૦.૦૦ /- અંકે રૂપીય પાંચ લાખ ચોપન હજાર ત્રણસો ઓગણાએસી પુરા /- દાવાની તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૧૨ ટકા ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે આ કામના પ્રતીવાદીની તમામપ્રકાર જાત-મીલ્કત ઉપરથી સંયુક્ત તથા વિભક્ત રીતે એકી આકંડે વસુલ કરવા હુકમનામુ કરી આપવા તથા અન્ય અપાવી શકાતી દાદ મેળવા દાવો ઉપરોકત નંબરથી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. આ સામે તમોને વાંધો તકરાર હોય તો તમો એ વાંધો તકરાર રજુકરવા માટે અત્રેની કોર્ટમાં મુદત તારીખ-૨૮/૦૩/૨૪ના સવારે ૧૧:૦૦ કલાકે જાતે અથવા તમારા વકીલ, કુલમુખત્યાર મારફત હાજર રહેવું. અન્યથા કાયદા નિર્દિષ્ટ આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખઃ ૧૪મી માહેઃ ફેબ્રુ. સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | તપાસનાર | હુકમથી |
|---|---|---|
| સહી : અવાચ્ય | સહી : અવાચ્ય | સહી : અવાચ્ય |
| (પી.વી.ચૌહાણ) | (એ.એ.કુલૈયા) | (એ.એસ.જોષી) |
| આસિસ્ટન્ટ | સુપ્રિ. | રજિસ્ટ્રાર મુખ્ય સિનીયર સિવિલ કોર્ટ, જૂનાગઢ |

રાઉન્ડ શીલ

# જૂનાગઢ પંથકમાં એક નરાધમ શખ્સે સગીર વયની દિકરી ઉપર દુષ્કર્મ આચરતા ભારે ફીટકાર

## નરાધમ પિતાએ આચરેલા કૃત્ય અંગે પોલીસમાં ફરીયાદ થતાં મોડી રાત્રે આરોપીની ધરપકડ

જૂનાગઢ તા. ૧૫





જૂનાગઢ નજીક બનેલા એક શરમજનક કિસ્સામાં નરાધમ પિતાએ સગીર વયની દિકરી ઉપર દુષ્કર્મ કર્યુ હોવાનું બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. અને આ શખ્સ ઉપર ફીટકાર વરસી રહયો છે. જૂનાગઢ તાલુકા પોલીસમાં આ બનાવ અંગેની ફરીયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી અને તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ૬૦ વર્ષનો એક શખ્સ તેની ૧૩ વર્ષની સગીર દિકરી અને દિકરા સાથે જૂનાગઢ તાલુકા વિસ્તારમાં આવેલ ભેંસાણ ચોકડી નજીક એક ઝુંપડામાં છેલ્લા પાંચ દિવસથી ધોરાજીથી રહેવા આવ્યો હતો. આ શખ્સે તમામ પ્રકારની લાજ શરમ નેવે મુકીને પોતાની સગીર વયની ૧૩ વર્ષની દિકરીને પોતાના હવસનો શિકાર બનાવી હતી. આ દિકરી ઉપર સગા પિતાએ એકથી વધુ વખત શરીર સંબંધ બાંધ્યો હોવાનું બહાર આવ્યું હતું. દરમ્યાન આ બનાવ અંગેની જાણ આ ઈસમ પાસેનાં ઝુંપડામાં રહેતા પરીવારને થતાં ગઈકાલે મોડી સાંજે આ અંગે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવતા તાલુકા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એસ.એ. ગઢવીએ બાળકીનાં પિતા વિરૂધ્ધ પોકસો સહીતની કલમ હેઠળ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વિશેષમાં જાણવા મળતી વિગત અનુસાર પોતાની સગી દિકરીને ભોગ બનાવનાર નરાધમ શખ્સની પત્ની જતી રહી હોય. દિકરી-દિકરા સાથે રહી જુદા જુદા ઠેકાણે મજુરી કામ કરતો હતો. દરમ્યાન આ બનાવની વધુ તપાસ જૂનાગઢ મહિલા પોલીસ સ્ટેશનનાં પીઆઈ એસ.પી. ગઢવી ચલાવી રહયા છે. હાલ આરોપીની ધરપકડ કરી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં તાપમાનમાં વધારો થતાં બેવડી ૠતુનો અનુભવ કરતા લોકો

## શિયાળાની વિદાય અને ઉનાળાની શરૂઆત થઈ રહી હોય તેવો માહોલ

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં ઠંડીની તીવ્રતામાં ઘટાડો થઈ રહયો છે. અને તાપમાનનો પારો વધી રહયો હોય લોકો બેવડી ૠતુનો અનુભવ કરી રહયા છે. છેલ્લા ત્રણ દિવસમાં જૂનાગઢ સહીત સોરઠનાં લઘુતમ તાપમાનમાં ૪.૯ ડીગ્રીનો વધારો થતાં શિયાળાએ વિદાય લીધી હોય અને ઉનાળાની શરૂઆત થઈ હોય તેવું લાગી રહયું છે. સવારથી જ દિવસ દરમ્યાન પવનનું જોર પણ રહે છે. આ ઉપરાંત ભેજ પણ ઘટીને ૧૮ ટકા થઈ જવાની સાથે શિયાળાની અલવિદાની સાથે ઉનાળાએ પગરવ માંડયા હોવાની પ્રતિતિ થઈ રહી છે. દરમ્યાન હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાત તરફથી સર્જાયેલા સર્કયુલેશન ડીસ્ટબન્સને કારણે આ વાતાવરણ સર્જાયું છે. અને આગામી પાંચ દિવસ સુધી વાદળછાયું તેમજ ધુમ્મસ જેવું વાતાવરણ રહેશે. આમ જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં તાપમાનમાં વધારો થવાને કારણે ઠંડીમાં ઘટાડો થયો છે. અને લોકો બેવડી ૠતુનો અનુભવ કરી રહયા છે.

# કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે હુમલો : સામ સામી ફરિયાદ

જૂનાગઢ તા.૧૫

કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે મારામારીનો બનાવ બનવા પામેલ છે જેમાં સામસામી પોલીસ ફરીયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર નાની ઘંસારી ગામે રહેતા ભરતભાઈ હીરાભાઈ મકડીયા (ઉ.વ.૫૦)એ સંજયભાઈ આલાભાઈ ગોધમ, કાનાભાઈ કાળાભાઈ ગોધમ, ભરતભાઈ કાળાભાઈ ગોધમ, રહેવાસી નાની ઘંસારીવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામના ફરીયાદી પોતાનું ટ્રેકટર લઈ સુત્રેજ ગામે સીમેન્ટ ભરવા જતા હોય ત્યારે રામદેવપીરના મંદીરની પાસે પહોંચતા આ કામના આરોપી નં.૧ પોતાનું મોટર સાયકલ લઈ આવી ફરીયાદીએ દુરથી ટ્રેકટર કાઢતા અડેલ ન હોવા છતા આ કામના આરોપી નં.૧એ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો કાઢી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ફરીયાદી સાથે બથમબથી કરી માર મારી આરોપી નં.ર તથા ૩ ને બોલાવી ત્રણેયએ મળી લાકડાના ધોકા ધારણ કરી લઈ આરોપીનં.૧એ લાકડાના ધોકાથી ફરિયાદીના માથામાં મારી ઈજા કરી તથા આરોપી નં.રએ અને ૩એ લાકડાના ધોકાથી ફરીયાદીને આડેધડ શરીરે માર મારી તે જોઈ ફરીયાદીના પત્ની નીમુબેન તથા દીકરી લીલાબેન આવી જતા તેને પણ ત્રણેય આરોપીઓએ લાકડાના ધોકાથી માર મારી જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી ફરીયાદી તથા સાહેદોને જ્ઞાતી પ્રત્યે હડધુત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી અધિક જિલ્લા મેજી.જૂનાગઢના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવેલ છે.

જયારે આજ બનાવના અનુસંધાને સામી ફરીયાદ પણ નોંધાઈ છે જેમાં ફરીયાદી સંજયભાઈ આલાભાઈ ગોધમ (ઉ.વ.૩૦)એ ભરતભાઈ હીરાભાઈ મકડીયા, ભરતભાઈની પત્ની, રમેશભાઈ જેઠાભાઈ ઉર્ફે પેન્ટર, જેસુખભાઈ પીઠાભાઈ રહેવાસી નાની ઘંસારીવાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી પાણીધ્રા ગામથી પોતાના ઘરે આવતો હતો ત્યારે નાની ઘંસારી ગામે રામાપીરના મંદીર પાસે આ કામના આરોપી નં.૧ પોતાનું ટ્રેકટર લઈ વળાંકમાં મોટો ટર્ન મારતા તેને નાનો ટર્ન લેવા ફરીયાદીએ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ભુંડી ગાળો આપી લાદીના કટકા વડે માર મારતા સાહેદ દેવાયતભાઈ ગલ વચ્ચે પડતા આરોપી પોતાનું ટ્રેકટર લઈ જતો રહી થોડી વાર પછી આરોપી નં.૧ થી ૪ લાકડાના ધોકાઓ લઈ ફરીયાદીને માર મારવા લાગતા જેમાં આરોપી નં.૧એ ફરીયાદીને ખંભાના ભાગે તથા માથાના પાછળના ભાગે લાકડાનો ધોકો લગાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.ના હથીયારબંધી જાહેરનામનો ભંગ કરી ગુન્હો કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરેલ છે અને આ બનાવની વધુ તપાસ કેશોદ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.જે.ડાભી ચલાવી રહ્યા છે.

# જૂનાગઢના નવનિયુકત કમિશ્નર ડો.ઓમ પ્રકાશ દ્વારા તત્કાલ ૩૧૧ એપ્લીકેશન ફરિયાદનો અમલ કરાવાયો

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ મહાનગરપાલિકાના નવનિયુકત મ્યુ.કમિશ્નર ઓમ પ્રકાશે બે દિવસ પહેલા એક જાગૃત નગર સેવકની રજુઆત ધ્યાને લઈને તાકીદે ૩૧૧ એપ્લીકેશન ફરિયાદ નિવારણનો અમલ શરૂ કરાવીને એસઆઈને તાલીમ માટે આદેશ કરતા તમામ સ્ટાફને તાલીમ આપવામાં આવી હતી.

નગર સેવક લલિત પરસાણાએ ફરિયાદ નિવારણ અંગે મળનાર જનરલ બોર્ડમાં એક પ્રશ્ન રજુ કર્યો છે જેમાં મનપા દ્વારા ફરિયાદ નિવારણ માટે ઓનલાઈન ફરિયાદ કરવા માટે ૩૧૧ એપ્લીકેશન બનાવેલ છે. તેમજ આ અંગે વોટસએપ નંબર પણ આપવામાં આવેલ છે. અને બજેટમાં એવું પણ જાહેર કરવામાં આવ્યું હતું કે ૨૪ કલાકમાં ફરિયાદનું નિરાકરણ થાય છે. પરંતુ વાસ્તવિક વાત એ છે કે ઓનલાઈન ફરિયાદ હોવા છતા કે રૂબરૂ ફરિયાદ કરવા છતાં તેનો કોઈ પ્રત્યુતર પાઠવવામાં આવતો નથી.

આ રજુઆત ફરિયાદને ધ્યાને લઈ મ્યુ.કમિશ્નરના આદેશથી સેક્રેટરી કલ્પેશ ટોલિયા દ્વારા ગઈકાલે મનપાના દરેક વોર્ડના એસઆઈને ૩૧૧ એપ્લીકેશન ફરિયાદ નિવારણ અંગે તાલીમ આપીને ત્વરિત ફરિયાદોનો નિકાલ માટે સુચનાઓ આપી હતી. જેના પરિણામે અનેક ફરિયાદોનો નિકાલ થયો હતો અને અરજદારોને પણ અરજીના તાકીદે જવાબ મળવા લાગ્યા હતા.

# જૂનાગઢમાં જુગાર દરોડો : પાંચ મહીલા સહીત ૯ સામે કાર્યવાહી

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢમાં જોશીપરા ખલીલપુર રોડ રાજ મંડપવાળી શેરીમાં પૂજા ડિલકસ-૧ સોસાયટી શુભ ડિલકસ એપાર્ટમેન્ટમાં ઉજા માળે બ્લોક નં.૩૦૪માં રહેતા દક્ષાબેન બળદેવભાઈ વેકરીયા પોતાના રહેણાંક મકાને પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા હોવાની બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે જૂગાર અંગે દરોડો પાડતા દક્ષાબેન બળદેવભાઈ વેકરીયા સહીત પાંચ મહીલા અને અન્ય ચાર વ્યકિતઓ મળી કુલ ૯ને જુગાર દરોડા દરમ્યાન ઝડપી લેવામાં આવેલ છે અને રોકડ રૂા.૪૩.૭૫૦ મોબાઈલ ફોન વગેરે મળી કુલ રૂા. ૬૩૭૫૦ના જુગારના મુદામાલ સાથે ઝડપી લઈ તમામ સામે જુગારધારા કલમ ૪-૫ મુજબ ગૂન્હો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

# ૧૦ વર્ષથી પેરોલ જમ્પ આરોપીને અમદાવાદ ખાતેથી એસઓજી પોલીસે ઝડપી લીધો

જૂનાગઢ તા.૧૫

છેલ્લા ૧૦ વર્ષથી પેરોલ જમ્પ આરોપીને જૂનાગઢ એસઓજીએ અમદાવાદ ખાતેથી દબોચી લઈ આરોપીનો સાબરમતી જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર મધ્યપ્રદેશનો સુરેશ ઉર્ફે કાલિયો બુદ્ધિલાલને વર્ષ ૨૦૦૧માં મહેસાણાના બસઈ પોલીસ સ્ટેશન ખાતે લૂંટનાં ગુનામાં સજા સબજ જુનાગઢ જિલ્લા જેલમાં રાખવામાં આવ્યો હતો. પરંતુ તેને અન્ય કેદી સાથે ઝઘડો થતાં વર્ષ ૨૦૦૩માં જૂનાગઢ જેલમાં કેદીનું મર્ડર કર્યું હતું. અને એના તેનાવિરૂદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાયો હતો. આથી આ શખ્સને અમદાવાદ મધ્યસ્થ જેલ સાબરમતી ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. પરંતુ સુરેશ ઉર્ફે કાલીયો ૪ ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ સાબરમતી જેલમાંથી પેરોલ રજા ઉપર મુક્ત થયો હતો અને તેને ફરી ૨ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ સાબરમતી જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયો હતો. અને દસ વર્ષથી દિલ્હી તેમજ પશ્ચિમ બંગાળ સહિતના રાજયોમાં ફરતો હતો. દરમ્યાન આ શખ્સ અમદાવાદના નારોલ વિસ્તારમાં રિયાઝ નામ ધારણ કરીને રહેતો હોવાની માહિતી મળતા જૂનાગઢ એસઓજીના પીએસઆઈ એસ. એ. સોલંકી, પીએસઆઈ એમ. જે. કોડીયાતર સહિતની ટીમે આરોપી સુરેશ ઉર્ફે કાલીયોને ઝડપી લઈ સાબરમતી જેલને સોંપી આપવામાં આવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માણાવદરના જીંજરી ગામે પતિ, સાસુ અને ઘરડા સાસુએ મરવા મજબૂર કરતા પરિણીતાનો આપઘાત

### ઝેરી દવા પીધી, સાસરિયા વિરૂધ્ધ મૃતકના પિતાએ કરી પોલીસ ફરીયાદઃ તપાસ હાથ ધરાઈ

જૂનાગઢ તા.૧૫

પતિ, સાસુ અને ઘરડા સાસુએ મરવા મજબૂર કરતા માણાવદરના જીંજરી ગામના કાજલબેન નામના પરિણીતાનું ઝેરી દવા પીવાથી મોત થયાની ફરિયાદ મૃતકના પિતાએ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. માણાવદર પાસેના જીલાણા ગામે રહેતા ભરતભાઈ પુનાભાઈ રાઠોડની દીકરી જીંકલબેન ઉ.વ. ૨૨ના લગ્ન માણાવદર તાલુકાના જીંજરી ગામે રહેતા સુનિલ ધીરૂભાઈ પરમાર સાથે ગત ૨૫ એપ્રિલના રોજ થયા હતા. પરંતુ લગ્નના દોઢ મહિના પછી પતિ સુનિલ જીંકલબેન ઉપર શંકા કુશંકા કરવા લાગ્યો હતો અને ક્યાંય જવા આવવાનું બંધ કરી દીધું હતું. તેમજ સાસુ હંસાબેન ધીરુભાઈ ઘરકામ તથા સાડી પહેરતા અને રહેણી કહેણી બાબતે તેમજ ઘરડા સાસુ નાનુબેન પણ રીંકલબેન અને ઘરમાં લાજ શરમનો ઘુંઘટો રાખવા તેમજ ઘરકામ નથી આવડતું તેમ કહીને મેણા ટોણા બોલતા હતા. આ દરમ્યાન પરિણીતાને સાતમ આઠમનો તહેવાર કરવા માટે પિયરમાં તેડી લાવ્યા હતા. પરંતુ આ પછી પતિ તેડવા આવેલ નહિ અને તમારી દીકરીને તમારા ઘરે જ રાખજો અમારે તમારી દીકરી જોઈતી નથી તેમ કહ્યું હતું. આથી ગત ૧૧ ફેબ્રુઆરીની સાંજે પિયર જીલાણા ખાતે જીંકલબેને ઝેરી દવા પી લેતા તેનું જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં મંગળવારે સારવાર મૃત્યુ નીપજ્યું હતું. આ અંગે મૃતકના પિતા ભરતભાઈ રાઠોડે તેની દીકરી જીંકલબેનના પતિ સુનિલ ધીરૂભાઈ પરમાર, સાસુ હંસાબેન અને ઘરડડા સાસુ નાનુબેન સામે જીંકલને મરી જવા મજબૂર કર્યાની ફરિયાદ કરતા માણાવદરના ઈન્ચાર્જ પીએસઆઈ ડી. એ. વાળાએ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જિલ્લાના અધિકારીની રાજ્ય કક્ષાએ પસંદગી



જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ જિલ્લા ની જિલ્લા યુવા અધિકારીની કચેરી, નેહરૂ યુવા કેન્દ્ર, જૂનાગઢના નાયબ નિયામક દુષ્યંત વી. ભટ્ટને ગુજરાત રાજયના રાજ્ય નિયામક, નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર નો ચાર્જ સંભળયો છે. તેઓ હાલમાં જૂનાગઢ ખાતે નાયબ નિયામક તરીકે ફરજ બજાવતા હતા. ડાયરેકટર દુષ્યંત ભટ્ટને રાજ્ય નિયામક ના ચાર્જ સંભળાયો તે બદલ જૂનાગઢ નેહરૂ યુવા કેન્દ્ર જૂનાગઢ ના સ્ટાફ દ્વારા સાગર કાપડિયા, અનકભાઈ ભુકણ, પ્રતાપસિંહ પરમાર, હર્ષદભાઈ વાજા, ઓમસિંહ પરમાર તેમજ તમામ રાષ્ટ્રીય યુવા સ્વયં સેવક રોહિત પરમાર, દલ દાલશાના, હિના સામતા, રોહિત સોંલકી, ઈંદ્રજીતસિંહ સોંલકી, જયદેવ કામલીયા, રણજીત શિયાળ, મયુર મેહતા વિગેરે દ્વારા હાર્દિક શુભેચ્છા પાઠવી રહી છે. તેઓ તેમના જીવન માં તેમજ તેમના કાર્યક્ષેત્રમાં પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવીએ હતી.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨